વર્ષ : ૭ અંક : ૧ માર્ચ : ૨૦૨૫

# પલાશ



શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

## ‘કાવ્યાયન-૭’ વાર્તાશિક્ષણ કાર્યશિબિર વિશેષાંક
## શ્રી નવા સૂરજદેવળ મંદિર, દેવસર (ચોટીલા)  તારીખ : ૦૯-૧૦-૧૧, જાન્યુઆરી, ૨૦૨૫

















વર્ષ : ૭

# પલાશ

અંક : ૧

અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા

સલાહકાર સમિતિ

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

સંપાદક મંડળ

શ્રી ચંદ્રકાંતભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી એમ. જી. રથવી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી ભરતભાઇ દેવૈયા
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા
શ્રી પુનાભાઇ વકાતર

## અધ્યક્ષીય...

**વાતડિયું વગતાળિયું....**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા છેલ્લા સાત વર્ષથી પ્રતિવર્ષ (કોરોના સમય બાદ કરતા) “કાવ્યાયન” અંતર્ગત સાહિત્ય શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેમાં જુદીજુદી theme રાખવામાં આવે છે. આ વખતે કાવ્યાયન-૭ની theme હતી વાર્તાલેખન.

ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા “કાવ્યાયન-૭” અંતર્ગત વાર્તાલેખન કાર્યશિબિરનું આયોજન તારીખ ૦૯-૧૦-૧૧ જાન્યુઆરી ૨૦૨૫ (ત્રણ દિવસ) દરમિયાન શ્રી નવા સૂરજદેવળ મંદિર, દેવસર (ચોટીલા) સ્થળે કરવામાં આવેલ હતું. જેમાં તજજ્ઞ તરીકે સાહિત્યકાર ડૉ. રાઘવજી માધડ. સાહિત્યકાર વાસુદેવ સોઢા તથા લોકસાહિત્યકાર ગોપાલ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

વાર્તા અંગે આપણને દુનિયાની સમજદારી આવી હોતી નથી ત્યારે માતાના પડખામાં સુઈને, દાદા-દાદી પાસે, શાળાઓમાં શિક્ષકો પાસેથી અને મોટા થયા પછી લોકસાહિત્યકારો પાસેથી સાંભળીએ છીએ. બાળવાર્તાઓમાં મૂછાળી મા ગિજુભાઈ બધેકાનું અમૂલ્ય પ્રદાન છે. લોકવાર્તા કહેવાનું શિખર કહી શકાય તેવા લોકવાર્તાકાર કાનજી ભુટા બારોટ, ઝાલાવાડના સમર્થ લોક્વાર્તાકાર બચુભાઈ ગઢવી અને લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવી લોકસાહિત્યના ક્ષેત્રે ગામડેગામડે વાર્તાઓ માંડી છે.સાહિત્યનાં ક્ષેત્રે વાર્તાઓ જેમણે લખી છે તેવા સાહિત્યકારો ધૂમકેતુ, રમણભાઈ સોની, યશવન્ત મહેતાથી લઈને રાઘવજી માધડ સુધી અનેક સાહિત્યકારોએ વાર્તાઓ લખીને સમાજમાં રહેલી સંવેદના, સંસ્કૃતિ અને સાહિત્યને જીવંત રાખ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા ‘કાવ્યાયન-૭’ વાર્તાલેખન કાર્યશિબિરમાં તજજ્ઞોના માર્ગદર્શન અન્વયે કાલીઘેલી ભાષામાં લખાયેલી વાર્તાઓનો “પલાશ”નો વિશેષાંક પ્રગટ કરતા ગૌરવ અનુભવું છું. જે વાર્તાઓ આપ સૌના ભાવજગતને ભરશે તેવી ઊંડી શ્રદ્ધા છે.

જય વાર્તાશિક્ષણ..

- ડૉ.સી.ટી.ટૂંડિયા

પત્રવ્યવહાર - સંપર્ક

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
મોબાઇલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendrangar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

ઝાલાવાડની ધરાને શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિથી શોભાવતું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર વિધવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે. જેના પાયામાં ખંતીલા, ખમીરવંતા અને ખેવનાધારી પ્રાચાર્યશ્રી છગનભાઈ ટુંડિયા છે. જે જિલ્લા અને રાજ્યમાં આવા કાર્યો થકી ચર્ચાતા ને પોંખાતા રહ્યા છે. થોડા મહિના પહેલા આ તેઓએ તાલીમ ભવન દ્વારા વાર્તા-શિક્ષણનું આયોજન કર્યું હતું. જેમાં ત્રીસ ઉપરાંતના વાર્તાકાર શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વાર્તા લખાઇ, પઠન થાય અને પછી સામુહિક ચર્ચા દ્વારા સુધારા-વધારા થાય...અંતે વાર્તા કૃત્તિ આખરી સ્વરૂપ પામે. જેમાં સહભાગી થવાનું બન્યું અને ગમ્યું હતું.આ શિક્ષકો દ્વારા સર્જાયેલ વાર્તાઓનો, 'પલાશ' મુખપત્રના વિશેષાંક તરીકે પ્રગટ થઇ રહ્યો છે. જે સર્વ વાચકો, ભાવકોને વાર્તાની રસલ્હાણથી તરબોળ કરશે. આ તકે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

**- રાઘવજી માધડ**

**સાહિત્યકાર**

પલાશ એટલે પ્રકૃતિએ અંગડાઈ લીધેલી ઘટના. વસંતમાં પલાશ ખીલી ઉઠે છે અને પ્રકૃતિ પણ હસી ઊઠે છે. પલાશ નામ સુંદર અને અદકેરુ છે પલાશમાં સમાવેલી સામગ્રીમાં જે સર્જન છે તેના શિક્ષક મિત્રોને અભિનંદન....

આપે આવું સરસ કામ કર્યું છે. આપ ખુદ એક લેખક છો. આપની દ્રષ્ટિ એ તરફ હોય જ. શિક્ષકોને સર્જનાત્મકતા વાળવા અને તેની સર્જન શક્તિને તક આપીને પ્રોત્સાહન કરવાની આપની રીત સરાહનીય છે. પલાશના પ્રગટ આ અંકમાં જાણે એક એક કેસૂડો કેસરી રંગની રંગોલી પૂરતો હોય તેવું લાગે છે.

બધા સર્જક શિક્ષક મિત્રોને અભિનંદન અને ખાસ તો સી. ટી. ટુંડિયા સાહેબને ખૂબ ખૂબ ધન્યવાદ....

**- વાસુદેવ સોઢા**

**સાહિત્યકાર**

**જય ઝાલાવાડ!**

ઝાલાવાડની એક ખાસિયત એછે કે જેવું બોલે એવું લખે! ઝાલાવાડ એટલે સુરેન્દ્રનગર જીલ્લો... સાહિત્ય, સંસ્કૃતિ અને શૌર્ય એ ઝાલાવાડની સાચી ઓળખ છે....એને એમાં ભળ્યું શિક્ષણ. સુરેન્દ્રનગર જીલ્લા શિક્ષણ તાલીમ ભવન એટલું બોલીએ ત્યાં સૌમ્ય સંસ્કારી અને ખમીરવંતા પ્રાચાર્ય ડૉ. સી.ટી. ટુડિંયા સાહેબ તરત યાદ આવે. જેમના કારણે તાલીમ ભવન વિવિધ પ્રવૃત્તિઓથી સદાય ધમધમતું રહે છે. એવું જ એક કાર્ય તાજેતરમાં થયું હતું. "વાર્તાલેખન કાર્યશિબિર". વાર્તાશિબિરમાં આશરે ત્રીસેક જેટલા શિક્ષકો હાજર રહ્યા હતા. વાર્તા કેમ લખાય ? કેમ કરાય અને વાર્તાનું મહત્વ શું હોય એ ઉપર પ્રશિક્ષણ શિબિર કરવામાં આવી હતી જેમાં, મા. શ્રી રાઘવજીભાઈ માધડ, અને વાસુદેવ સોઢા સાથે મને પણ હાજર રહેવાનો અવસર સાંપડ્યો હતો. દરેક શિક્ષકોએ લેખનમાં ભાગ લીધો અને ખુબ સુંદર વાર્તાઓ લખી હતી. દરેક કૃતિ શ્રેષ્ઠ હતી. આ તમામ કૃતિઓ આજે 'પલાશ' મુખપત્રનાં વિશેષાંક તરીકે પ્રગટ થઈ રહી છે ત્યારે હું મારો રાજીપો વ્યક્ત કરૂ છું. જે સર્વ વાચકો માટે એક ભાવવાહી રસથાળ સાબિત થશે નેં દરેકને રસ તરબોળ કરશે. આ તકે હું તમામ લેખક મિત્રોને મારી શુભેચ્છાઓ પાઠવું છું.

**- ગોપાલ બારોટ**
**લોકવાર્તાકાર**
**સુરેન્દ્રનગર.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | સાથી | 06 |
| 2 | ગલુડિયું | 08 |
| 3 | વનકાર્ડ | 09 |
| 4 | શિક્ષકની દરિયાદિલી | 12 |
| 5 | શિયાળની યુક્તિ | 13 |
| 6 | ડાયરી | 14 |
| 7 | સન્માન | 17 |
| 8 | સ્વજન | 18 |
| 9 | જગો બન્યો જગદીશ | 19 |
| 10 | સ્વતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ | 21 |
| 11 | ગાડી | 24 |
| 12 | ઝઘડો | 25 |
| 13 | સાચી સમજ | 26 |
| 14 | પપ્પા અજે તો પતંગ લેવા જઇશું ને ! | 28 |
| 15 | લિફ્ટ | 29 |
| 16 | કર્મનું ફળ | 32 |
| 17 | લોકશાહીની તાકાત | 34 |
| 18 | લાઘવિકા - જય હિન્દ | 36 |


## લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રુતિ ફૉન્ટ, સાઇઝ ૧૨માં કોમ્પ્યૂટરાઇઝ્ડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્ત ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેના માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

## સાથી

જૈનાબાદ કરીને નાનું પણ નહિ અને મોટુ પણ નહિ એવું એક ગામ. ગામમાં અઢારેય વરણના અનેક ખોરડા એમાં ગાંડાબાપાનું એક બે ઢારવાળું, દેશી નળિયા ને લીંપણથી લીપેલું ખોરડું. ગાંડાબાપા ગામમાં ભગત તરીકે ઓળખાય. ભજન એમનો પ્રિય વિષય. ભજન દ્વારા ભગવાનની ભક્તિ કરતાં કરતાં ગામનાં એક મુસ્લીમ ખેડૂતને ત્યાં સાથીપણું કરી ઘર ગુજરાન ચલાવે. પરિવારમાં ચાર દીકરા. મોટો પુંજો, એનાથી નાનો મૂળજી, જામો ને સૌથી નાનો ડાયો. એક દીકરી એનું નામ નાનુ. ભગત તેને કાયમ નાનુબા કહીને બોલાવે. ભગત ભણેલાં નહિ, એમ કહોને એણે શાળાનો ક્યારેય ઝાંપોય જોયેલો નહિ, પણ સંતાનોને ભણાવવાની એમને ભારે હોંશ. ભગત કાયમ ઇચ્છતા કે એમના દીકરા ભણી ગણી મોટા સાહેબ બને ને એમને સાહેબ બનાવવા સાવ ઘસાઇ જવું પડે તો ઘસાઇ જશે. ઘસાશું તો ઉભા થાશું એવી ગાંઠવાળી. દિન-રાત પારકી મજૂરી કરે, ભગતના પત્ની પણ એમને ખભે ખભો મિલાવી કાળી મજૂરીયાંય છેડા ભેગા કરાવે. ક્યારેક ઘરમાં પૈસા ન હોય તો ભક્તાણી ભગતને કહે, ''ભગત સાંભળોને, પેલા સામાના ન્યાથી થોડા પૈસા લઇ આવોને તો છોકરાઓ સારું કંઇક બનાવું.'' આવી ગરીબી....! ભગત સંકોચાતા, શરમાતા પગ ઉપાડે, પણ છોકરાનાં લાચાર મોઢાંને યાદ કરી હાથ લંબાવે ને મળે તે લાવી આવે.

ભગતને છોકરાંઓને ભણતર આપવાની ઇચ્છા પણ ગરીબી આડે આવતી, તોય સરકારી શાળામાં છોકરાઓને ભણવા મૂક્યા, મોટો દીકરો પુંજો, બાપાની ગરીબી જોઈ બે છેડા ભેગા કરવાની મથામણ કરતાં તે જોઈ ઉંમર પહેલાં પરિપકવ થઇ ગયો. બાપાના કામમાં મદદરૂપ થવા પોતે નિશાળનું પગથિયું ચડ્યો. માતા-પિતાના સંસ્કારે નાના ભાઇઓ ભણે તે માટે પોતાનું બાળપણ પણ ખોઇ દીધું. મુળજીને આઠ સુધી ભણાવ્યો. જામો ને ડાયો હજી નાના, પ્રાથમિકમાં ભણે.

પણ માણસ ધારે છે કંઈ ને કુદરત કરે છે કંઈ ! ભગતની ઇચ્છા તો હતી કે તે બાળકોને ભણાવી સાહેબ બનાવે. પણ કુદરત કસોટીય એવા ટાંણે જ કરે. ગરીબીનો અભિશાપ તો હતો જ ત્યાં મોટા દીકરા પુંજાએ કુદરતી અગમ્ય કારણસર આંખો ગુમાવી. ભગતની દુનિયામાં જાણે અંધકાર છવાઇ ગયો. દીકરાની આંખોનું

તેજ પાછું લાવવા ભગતે ''પાણા એટલાં પીર'' ની માનતા કરી. અંધ દીકરાને દોરીને દવાખાને -દવાખાને રખડ્યા, કેમેય કરતાં મારો દીકરો દેખતો થાય. એક તો ગરીબી તો હતી જ, દીકરો અંધ થતાં દવાખાનાનો ખર્ચ વધ્યો. હવે તો ગરીબી સાવ આંટો જ લઇ ગઇ. ભગત જ્યાં સાથીપણું કરતાં હતાં ત્યાંથી અનાજ તો મળતું પણ એક સમય એવો આવ્યો કે એનું દળામણ કરવા પૈસા ન હતાં. ભક્તાણી મળેલું અનાજ દળાવવા ગયા. ઘંટીવાળાએ ચોખ્ખુ પરખાવી દીધું, ''આગળના દળવાના પૈસા આપો તો દળી આપું.'' ભક્તાણીની આંખોમાંથી દડ દડ દડ દડ આંસુડા પડ્યા. આ વખતે તેનો નાનો દીકરો ડાયો એની સાથે. માની આ લાચારી બાળકના હૃદયને પણ કકળાવી ગઇ. મનોમન દ્રઢ નિશ્ચય કર્યો કે ગમે તે થાય હું ભણીશ. મારા બાપની ગરીબી દૂર કરીશ.

ડાયો ને જામો બેય ભણવામાં હોંશિયાર, ખૂબ મહેનતું, વર્ગમાં પણ અવ્વલ આવે. ગામમાં રહેતાં શિક્ષકો પણ ભગતને કહેતાં કે તમારા આ દીકરાઓ ભણવામાં હોંશિયાર છે હોં.. ને આ સાંભળી ભગત પોતાનું દુઃખ દર્દ ભૂલી જતાં. મોટો દીકરો પુંજો તો અંધ હતો. પણ જામા ને મુળજીને કહેતા ''ગમે તે કરજો પણ આ નાનકાને (ડાયાને) તો ભણાવજો જ હોં.'' બાપના આ શબ્દો એ મુળજીને હચમચાવી દીધો. કુટુંબની સ્થિતિ, બાપની લાચારી ને નાના ભાઇઓને ભણાવવાની જવાબદારી એવી ઉપાડી લીધી.

દુઃખ પછી સુખ આવે આ સંસારનો નિયમ છે. એ નિયમે ધીમે ધીમે સુખે ભગતનાં દ્વાર પહોંચવા દિશા બળલી. કુદરતી રીતે જ ભગતના દીકરાએ ગુમાવેલી આંખોનું તેજ ધીમેધીમે પાછું આવવા લાગ્યું. મુળજી પણ મજૂરી કરીને કમાવવા લાગ્યો. જામો ને ડાયો ભણીને આગળ વધતા ગયા. ભગતને પણ હાશકારો લાગ્યો કે હાશ ! હવે કળ વળશે. પણ કળ વળી ત્યાં ભગતને દમ અને શ્વાસની બિમારીએ ઘેરી લીધા. આ બિમારીનું કારણ આખી જીંદગી કરેલી કારમી મજૂરી. ભગત ખાટલે પડ્યાં. હવે મજૂરીએ જઇ શકે તેમ નથી. પણ એક સંકલ્પ તો એમનો અત્યારેય છે કે મારા દીકરા ભણીગણી સાહેબ બને. એક દિવસ શ્વાસની બિમારી અચાનક વધી ગઇ. ગામમાં રહેતા દાક્તરને બોલાવ્યા. એણે આગળ લઈ જવાનું સૂચન કર્યું. ભગતને પણ એમનો છેલ્લો સમય કદાચ દેખાઈ ગયો. મુળાને જામાને પુંજાને અને ડાયાને પાસે બોલાવી કીધું, ''ગમે તે કરજો,

પેટે પાટા બાંધીને પણ મારા આ નાનકાને ભણાવજો.'' એમના આ છેલ્લા શબ્દો સાથે દવાખાને જવા ભાડાની ગાડી(મેટાડોર)માં સુવાડ્યા... ને પછી ભગત ક્યારેય જાગ્યા નહિ. જામો ને ડાયો ભણ્યા, સાહેબ બન્યા, પણ સાહેબ બનાવનાર એ સાથી આજે સાથે નથી. પણ જાણે આકાશેથી એની આંખો જોઈ રહી છે અને સંતોષ પામી.

**- ત્રિકમભાઇ જી. પરમાર**
**નાનુબાપા કન્યા શાળા-૩,**
**પાટડી, તા. પાટડી.**

********

## ગલૂડિયું

રવિવારની વહેલી સવારે હું જાગ્યો, ઘરનો દરવાજો ખોલ્યો, ત્યાં ઝીણો ઝીણો અવાજ સંભળાયો. નિરખીને જોયું તો બગીચામાં કૂતરી વિયાણી છે. કૂતરી અમારી પાળેલી એટલે મને કરડવાની બીક ન લાગી. હું બખોલ પાસે ગયો. મોટા ઉંદર જેવા ચાર ગલૂડિયાં કેવાં રૂડાં રૂપાળાં હું ખુબ રાજી થયો.

એટલામાં મારા પત્ની આવ્યા, મે એને બધી વાત કરી. મારી પત્ની મને કહે, ''આજે ચા-નાસ્તાનું ભલે મોડું થાય. હું જલ્દી શીરો બનાવી આવું, કૂતરી ભુખી થય હશે.'' થોડીવારમાં મારો નાનો છોકરો જાગ્યો. એની મમ્મીએ એને વાત કરી. વાત સાંભળી હરખઘેલો બનીને તેણે બગીચા બાજુ દોટ મુકી. નાનાં નાનાં ગલૂડિયાં જોયા, એ તો રાજીનાં રેડ થય ગયો અને બોલ્યો ''પપ્પા પપ્પા પેલું કાળા કલરનું ટીલાવાળું મારૂં પાળેલું-ઇ મારૂં કાળીયું- હું તેને ખવડાવીશ અને રોજ એની સાથે રમીશ. પણ પપ્પા એની આંખો કેમ બંધ છે.'' ''બેટા એની આંખો ચાર-પાંચ દિવસ પછી ખુલ છે. હજું ઇ બોવ નાનાં છે.''

બચ્ચા ધીરેધીરે મોટાં થવા લાગ્યા મારો છોકરો રોજ કાળિયાને રોટલી, દૂધ ખવડાવે, પાણી પીવડાવે. દિવસનાં ત્રણેય ટાઇમ પેલા તેના કાળિયાને ખવડાવે પછી જ તે ખાય તેવી ટેવ પડી ગય છે.

શિયાળાની કડકડતી ઠંડીમાં ધરતી અંદર પડેલો નવો નકોર કોથળો ઓઢાડી આવે.

શાળાએ જાય ત્યારે મમ્મીને ભલામણ કરતો જાય. શાળા એથી છુટે ત્યારે તે સીધો કાળિયાને મળવા જાય. તેને વ્હાલ કરે, સાથે રમે પછી જ ઘરમાં જાય, હાથ પગ ધોઇ નાસ્તો કરે.

એક દિવસનો સમય છે. કાળિયું રમતું રમતું બાજુમાં આવેલા રોડ પર આવી ચડ્યું. વાહનવાળાનું ધ્યાન ન રહ્યું અને ટાયર કાળિયા માથે ફરી વળ્યું.

શાળાએથી મારો છોકરો ઘરે આવ્યો. બગીચામાં કાળિયું જોવા ન મળ્યું. તે જાણે માથે આભ ફાટ્યું હોય તેમ હાંફળો ફાંફળો થઇ ગયો. આખું ઘર કાળિયાને ગોતવા કામે લાગી ગયું. એટલામાં બધાની નજર રોડ પર પડી. કાળિયાનાં પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. બધાના પગ થંભી ગયા. બધાની આંખનાં ખૂણા ભીના થવા લાગ્યા. મારો છોકરો ચોધાર આંસુએ રડવા લગ્યો. એની મમ્મી એને માથે હાથ ફેરવી માંડ માંડ સમજાવી ઘેર લાવી.

હું અને મારો મિત્ર કાળિયાને ઘરથી થોડે દૂર ખાડો કરી માથે ધૂડ વાળી દીધી. આ દ્રશ્ય કાળિયાની મા જોય ગઇ, દોડતી આવી અને ધૂડ વાળેલા ખાડા પર બેસી ગઇ.

મા એ મા છે. એટલે કહે છે કે મા એ મા બીજા વગડાનાં વા.

**– કાંતી ગોહિલ**

*******

## વનકાર્ડ

''આજે રાતે સૌ મિત્રો ટેકરા પર આવી જાજો.'' એવો નાદ ઢોલના ધબકારે વાંદરાભાઇએ કર્યો. આખાય જંગલમાં આ અવાજ ગુંજી રહ્યો.

દરેક પ્રાણીના કાને આ અવાજ આવ્યો. અવાજ તો જાણીતો જ હતો પણ આજે શું કામ પડ્યુ હશે ? કંઇક નવું બનવાનું હશે ! એવી ભીતિ ઝુંપડીમાં બેસેલા હરણ દંપતી એ સાંભળી.

હરણી બોલી, '' કહું છું સાંભળો છો ?'' શિયાળાની ઠંડીમાં ચૂલાની આગળ ગરમી લેતા બેઠેલા હરણે જવાબ આપ્યો. ''હા.. સાંભળું જ છું... બોલ ને...''

''આ સાદ સાંભળ્યો ? આ જંગલના રાજાને તે શું થયું છે ? આજે અચાનક બધાને બોલાવીને શું કરવા માંગે છે ? નક્કી કંઇક નવા અખતરા કરવાના લાગે !''

'જે હોય તે આપણે ક્યાં કાયમ જવું છે! જઇ આવશું જે હશે તે. જોઇશું તો ખબર પડશે. કઇ જાણ્યા વગર કંઇ એમને એમ થોડું કઇ

ધારણા બાંધી લેવાય ?'

''સારૂં ચાલો હવે કામ પુરું કરી લઉં, પછી જઇએ.'' જંગલના ઉંચા એવા વનરાજીથી ઘેરાયેલા એવા પહાડની ટોચ પર સભાનું આયોજન થયું. આયોજકો એ સંપૂર્ણ વ્યાવસ્થા કરી દીધી હતી.

સસલાભાઇએ ઘાસથી જગ્યાને શણગારી છે. હાથીભાઇએ તો સરસ ઝાડની ડાળીઓ મૂકીને સભામંડપ બનાવ્યો છે. ખિસકોલી ઝડપથી દોડી દોડી ફુલોની સજાવટ કરી રહી છે.

દૂરથી જાણે કોઇ લગ્નની તૈયારી થઇ રહી હોય, એમ બધા પોતપોતાના કામે લાગી ગયા છે. બસ હવે રાહ જોવાઇ રહી છે જંગલના રાજા સભાપતિ મહારાજા સિંહની. અચાનક ઢોલના અવાજ આવવા લાગ્યો. વાંદરાઓના ટોળા ઢોલ ત્રાસા વગાડી રહ્યા છે. શિયાળભાઇ શરણાઇ વગાડી રહ્યા છે....! સાવધાન...! જંગલના રાજા આવી રહ્યા છે...! સાવધાન..! જય ઘોષ થાવ લાગ્યો.

બધા જંગલનાં રહેવાસી પોતપોતાની જગ્યા પરથી ઊભા થઇને સિંહ મહારાજને સન્માન આપે છે. સિંહ મહારાજ બધાનું સન્માન સ્વીકારતા સ્વીકારતા આગળનો એક પગ ઊંચો કરી બધાનો આભાર પ્રગટ કરે છે. ધીરે ધીરે પોતાના સ્થાન તરફ પ્રયાણ કરે છે.

સિંહાસન આરુઢ થઇ બધાનો આભાર માની મહારાજા પોતાની વાત રજુ કરે છે.

'સાંભળો મારા જંગલમાં રહેનારા મારા સુખ દુઃખનાં સાથી મિત્રો. મારી આ આકસ્મિક સભામાં સૌને આવકારું છું. તમે સૌ જાણો છો હમણાં સરકાર નવા નવા અખતરા કરી રહી છે. કોઇ પ્રાણીને અહીંથી ઉપાડી બીજા જંગલમાં તો બીજા કોઇ પ્રાણીને લાવીને આપણા જંગલમાં મૂકી દે છે. આપણે આનો વિરોધ નથી કરી શકતા. કારણકે મનુષ્ય તો ન કરે એટલું ઓછું. આપણા જંગલો કાપી કાપીને આપણું ઘર પણ છિનવી લીધું છે. હવે થોડું ઘણું બચ્ચું છે એ રેવા દે તો સારું, નહિતર આપણે એમના રહેણાંકમાં રહેવા જવું પડશે. ને જો આપણે ત્યાં રહેવા જશું તો શું હાલત થશે એ લોકોની ?'

સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. કેટલાક અંદરો અંદર ગૂસપૂસ કરી રહ્યા હતા. સિંહે ફરી બધાને સંબોધીને કહ્યું, ''મિત્રો આજે મારે ખાસ અગત્યની વાત કરવાની છે, એટલે આપ સૌને આજે એકઠા કર્યા છે. ઘણા સમયથી વિચાર આવતો હતો એટલે આજે આપ સૌની સમક્ષ મૂકૂ છું.''

''સાંભળો મિત્રો, થોડા દિવસ પહેલા જ ટી.વી.માં જાહેરાત આવતી હતી કે ભણતા બાળકોના 'અપારકાર્ડ' બનાવવામાં આવી રહ્યા છે.' સભામાંથી ઉભા થઇ હરણે પુછ્યું, ''આ અપાર કાર્ડથી શું થાય ?''

સિંહે કહ્યું, ''સાંભળો ત્યારે અપાર કાર્ડ એ શાળામાં ભણતા બાળકોની ઓળખની નિશાની છે. ચોક્કસ બાળક, ચોક્કસ શાળા એવું નક્કી કરતું ફોટા વાળુ કાર્ડ.''

હરણી ઊભી થઇ બોલી, ''તેં હેં મહારાજ એનાથી આપણને શું લાભ ?'' અરે ! હરણીબેન એનાથી આપણને લાભ નથી બાળકોને છે. આપણે જંગલમાં રહીએ છીએ તો આપણી ઓળખ માટે આપણે પણ એક 'વનકાર્ડ' બનાવવાની મારી ઇચ્છા છે. આપણા જંગલમાં રહેતા તમામ નાનાં મોટાં પ્રાણીઓની ઓળખ માટે આ કાર્ડ બનાવવાની મારી ઇચ્છા છે.'' ખુબ જ જિજ્ઞાશાથી શિયાળભાઇ બોલ્યા, ''તેં હેં મહારાજ ! આ કાર્ડ કોણ બનાવશે અને શું શું કરવું પડશે એના માટે ?''

રાજા બોલ્યા, ''તમામ માહિતી આપના સુધી પહોંચી જશે. તમામે પોતાનો ફોટો પડાવી લેવો, હાથના પંજાના નિશાન જમા કરાવવાના રહેશે.'' ''પણ આ બધું કરશે કોણ ?'' હરણ બોલ્યું.

''થશે ભાઇ બધું થશે ! થોડી ધીરજ રાખો સાથ સહકાર આપો. અમારા સિંહ સમુદાય દ્વારા તમામ આયોજન કરી દેવામાં આવ્યું છે. બે દિવસ પછી આપના ઘરે અધિકારી આવીને ફોટો તેમજ પગના નિશાન લઇ જશે.''

''અરે પણ એનો ફાયદો શું ?'' અધિરાઇથી સસલાભાઇ બોલ્યા.

સિંહ મહારાજે પ્રત્યુત્તર આપ્યો. ''સારો સવાલ છે આપનો, ''તો સાંભળો એનો ફાયદો એ થશે કે આપણા જંગલમાં કોઇ અન્ય પ્રાણી કે બહારના પ્રાણીને પ્રવેશ નહિ મળે. આપણું જંગલ એટલે આપણું જ. બહારથી કોઇ અન્ય વિસ્તારના પ્રાણીને પ્રવેશ નહિ મળે. બધા સમાન રીતે રહીશું. ન કોઇ ખટપટ ન કોઇ ઝગડા ઝગડી. અને કોઇ કદાચ આવી ચડે તો ?'' ''તો એને મહેમાન ગણીને આશરો આપવો એ આપણો ધર્મ છે, પણ તે કોઇ જંગલને નુકશાન કરતો ન હોવો જોઇએ.'' ''હા, વાત તમારી સાચી છે, મહારાજ, બરાબર છે.''

બધાને જાણીને આનંદ થયો તમામને પોતાના પ્રશ્નનો જવાબ સંતોષ પૂર્વક મળ્યો.

ટુંક જ સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે એવા વચન સાથે સિંહ મહારાજ પોતાના વક્તવ્યને પૂર્ણ કરે છે. આખો સભામંડપ માલીઓના ગડગડાટ થી ગુંજી રહ્યો.

**- વિષ્ણુભાઇ પ્રજાપતિ**

********

## શિક્ષકની દરિયાદિલી

એક નાનકડું ગામ. ગામમાં દરેક કોમના લોકો રહે. ગામમાં જરૂરિયાત પૂરતી નાની-નાની સુવિધાઓ ચારેય બાજુ વૃક્ષાચ્છાદિત હરિયાળુ પર્યાવરણ. શાળાના દરવાજામાં પ્રવેશતા જ શાળાનો ઉદ્યાન તેમજ પક્ષીઓનો ચબૂતરો આપણું સ્વાગત કરતાં હોય તેમ લાગે ! આખી શાળા નાનકડાં ઉપવન જેવી લાગે !

શાળાના ભૂલકાંઓ કલબલાટ કરતાં, આનંદ કરતાં દરરોજ શાળાએ આવે. તેમાં (એક કોમનાં) અમુક બાળકો અનિયમિત આવે. આ અનિયમિત બાળકોને નિયમિત કરવાનું એક શિક્ષકે મનોમન નક્કી કર્યુ કે 'આ બાળકોને તો મારે લોઢે કે લાકડે નિશાળે આવતા કરવા છે.'

એકવાર તે શિક્ષક પોતાનું બાઇક લઇને બોલાવવા નીકળી પડે છે. તે પહોંચ્યા એક ઘરે (વાસમાં). ત્યાં ફરતી દિવાલ કે દરવાજો કેવો ! ફળિયા ફરતે કાંટાળી વાડ કરેલી હતી. ફળિયા વચ્ચે તૂટેલી ફૂટેલી ખાટલી. તેમાં એક વડીલ ચલમ પીતા બેઠા છે. ફળિયામાં ચારેય બાજુ વસ્તુઓ અસ્ત-વ્યસ્ત પડેલી છે. ઘરની ઓસરીમાં બે-ત્રણ બાળકો રમે છે. એક તૂટેલું પરંતુ ખીલીઓ મારી સમારકામ કરેલું ઘોડિયું હતું. તેમાં એક બાળક અંગૂઠો ચૂસતું સૂતું હતું. નાનકડી ઓરડી અંદર કોઇ સ્ત્રી કંઇક કામ કરતી દેખાય છે.

ત્યાં જઈ શિક્ષકે પુછ્યું, 'ક્યાં ગયા છોકરાં ?' પેલા વડીલે મીઠો આવકાર આપ્યો અને રાડ પાડી, ''અલ્યા ભૂરિયા ચ્યાં જ્યો ? તારા સાબ આયા સે આની કોર આવ.'' ત્યાં તો ઓરડી પાછળથી આઠમાં ધોરણમાં ભણતો ભૂરિયો આવ્યો. શિક્ષકે થોડી વાતચીત કર્યા પછી કહ્યું, 'બાળકોને શાળાએ મોકલો.' વડીલ બોલ્યા, 'સાબ, આજે તો રોંઢો થયો. ઇનો બાપો કાલે આવશે એટલે હંધાય સોકરાવને નિહાળે મૂકી જાહે.'

સાહેબે કંઇપણ વિચાર કર્યો નહિ અને કહ્યું, 'ભૂરિયા, ચાલ મારી પાછળ બાઇક પર બેસી જા આપણે અત્યારે જ નિશાળે પહોંચી જઇએ !' અને પછીથી શિક્ષકે નક્કી કર્યું કે હું દરરોજ શાળાએ જતાં પહેલા આ રસ્તેથી ચાલીશ અને દરરોજ તેમને બેસાડી લઇ જઈશ.

**- મીનાબેન એ. સરીયા**

********

# શિયાળની યુક્તિ

એક હતું જંગલ. જંગલ તો ખુબ જ મોટું. ઘણાં બધા પ્રાણીઓ તેમાં રહે. એકવાર જંગલમાં રાજા સિંહને વિચાર આવ્યો કે લોકોનો સમાજ કેવો સ્વચ્છ-સાફ સુથરો! માણસો રોજ ન્હાય, કપડાં પણ રોજ નવા નવા પહેરે ! જંગલનાં રાજાને વિચાર આવ્યો કે મારે કાલથી ફરમાન બહાર પાડવું છે કે, જંગલના દરેક પશુ-પંખી પ્રાણી રોજ તળાવમાં નાહી-ધોઇને આવે. જે કોઇ મારી આજ્ઞાનું પાલન નહીં કરે તેને કડક સજા કરવામાં આવશે. ત્યાં તો સિંહણે કહ્યું, ''વાહ ! કેવો ઉત્તમ વિચાર ! પણ એક વાત કહું.'' સિંહ : ''બોલ ને શું કહેવું છે ?''
સિંહણ : ''તમે જ્યારે બોલો છો ત્યારે તમારા મોઢામાંથી વાસ આવે છે એટલે સાથે સાથે એ પણ કહી દેજો કે ન્હાવાની સાથે બ્રશ પણ ફરજીયાત કરવું.''

સિંહ તો સિંહણની વાત સાંભળીને ખુબ જ ગુસ્સે થઇ ગયો. તે ધુંવાપુંઆ થતો જંગલમાં ગયો. રસ્તામાં જ તેને ભોળું ભટુકું ઘેટું મળી ગયું. એકદમ તેની નજીક જઈને કહેવા લાગ્યો, ''એય ઘેટાં જો તું મારી સામું જો અને કહે કે મારા મોઢામાંથી વાસ આવે છે ?'' ઘેટું તો એકદમ ભોળું. તેણે સાચું જણાવી દીધું. ઘેટાંના તો ત્યાં ને ત્યાં રામ રમી ગયાં.

સિંહ ત્યાંથી આગળ વધ્યો. આખા જંગલમાં આ વાત આગની જેમ ફેલાઈ ગઈ. ત્યાં જ થોડે દૂર તે ચાલ્યો હશે કે તેને વરું સામું મળ્યું. વરૂને ખબર હતી કે સિંહ ઘેટાંનો શિકાર કરીને જ આવ્યો છે. એટલે તેણે યુક્તિ વાપરી. તે વિચારવા લાગ્યું કે જો સાચું કહીશ તો જીવથી જઇશ અને જો જુઠું બોલીશ તો જીવતો રહીશ. એમ વિચારીને વરૂએ તો કહ્યું, ''અરે હોય કાંઇ ? તમે તો જંગલના રાજા છો. તમારું ભોજન તો શુદ્ધ અને સાત્વિક. મોઢામાંથી વાસ આવે એવું તો બને જ નહીં ને !'' સિંહને લાગ્યું કે આ પણ જુઠું જ બોલે છે. સિંહે વરૂને પણ ગુસ્સામાં પતાવી દીધો.

રસ્તામાં ચાલતાં-ચાલતાં તેને શિયાળ મળે છે. શિયાળને જોતા જ સિંહ બુમ પાડે છે, ''એય શિયાળ ઊભુ રહે, મારા એક પ્રશ્નનો જવાબ આપ.'' સિંહ તેની એકદમ લગોલગ આવી જાય છે.''બોલ તને મારા મોઢામાંથી વાસ આવે છે. ?'' શિયાળની તો જાત જ લુચ્ચી તેણે મનમાં વિચાર કર્યો કે આ બે ને તો મારીને આવ્યાં છે. સાચુ બોલે તો પણ મારી નાંખે છે. જુઠું બોલે તો પણ મારી નાખે છે. કહેવું તો મારે કહેવું શું ? પછી તેણે યુક્તિથી જવાબ આપ્યો કે, ''હે જંગલના રાજા સિંહ મોઢું તો તમારું છે વાસ મને ક્યાંથી આવે ?''

સિંહ તો ખુશ થતો થતો જંગલ તરફ પાછો ફર્યો. શિયાળનો બુધ્ધિપૂર્વક જવાબથી તે બચી ગયું.

**- કંચનબેન એમ. સોલંકી**

*******

## ડાયરી

પોતાનું કહી શકાય તેવું એકપણ સ્વજન જેને મળવા આવતું નહોતું. એવા રવજીભાઇ દવાખાનાનાં એક વૉર્ડમાં દર્દીની પથારીમાં મરવાના વાંકે જીવી રહ્યા હતાં. સગા વહાલા તો ઠીક પણ દવાખાનાનો એકપણ કર્મચારી રવજીભાઇની પથારી તરફ નજર સુધ્ધા ન કરતો. જાણે અજાણ્યે કોઇ કર્મચારી આવી જાય તો બોલી ઉઠતો ''....છી..છી...'' રવજીભાઇનું શરીર દિવસે દિવસે ક્ષીણ થતું જતું હતું. પોતે ભગવાનને મોત માટે પ્રાર્થના કરતા હતા. પરંતુ પોતાના પૂર્વ જન્મના કર્મને કારણે મોત બે ડગલા પાછું જતું અને પીડા ભોગવતા. રવજીભાઇ પોતાના આ અસાધ્ય રોગની પીડા ભૂલવા માટે એક પ્રવૃત્તિ કરતા જેમાં તે ડાયરી લખતા. આ વાત લીના નામની નર્સ જાણતી હતી.

લીના જ્યારે રવજીભાઇના વૉર્ડમાં તેમની પથારીની વિઝિટ લેતી ત્યારે તે રવજીભાઇના એક હાથમાં ડાયરી જોતી. રવજીભાઇ આ ડાયરીમાં ખોવાયેલા રહેતા. ડાયરી વાંચતા ક્યારે આનંદ, ક્યારેક શોકમાં દેખાતા. રવજીભાઇને દવાખાનાના વૉર્ડમાં દાખલ કરેલા ત્યારે તે લીના સામે સતત જોયા કરતા. લીનાના એ ચહેરામાં કોઇને શોધી રહ્યા હોય તેવું લાગતું. બધા વિઝિટે આવવાનું ટાળતા. જેને ફરજીયાત આવવાનું હોય તે કર્મચારી જ આવતા, ઉપર છલ્લો આંટો મારી તરત જ વૉર્ડની બહાર નીકળી જતા. પરંતુ લીના આ વૉર્ડમાં વિઝિટે આવતી. દર્દીઓની લાગણી સભર પ્રેમથી સેવા કરતી. કારણ દર્દીમાં તેને પરમાત્માના દર્શન થતા હતા.

નર્સ રવજીકાકાના વૉર્ડમાં તેમની વિઝિટ કર્યા પછી મમ્મી સાવિત્રીને કહે ''મમ્મી આજે રવજીકાકા ગયા. આજે તે પોતાના કર્મમાંથી છુટી ગયા.'' લીનાની મમ્મી સાવિત્રી આ વાત સાંભળી ખૂબ દુઃખી થઇ. ''મમ્મી આજે રવજીકાકા આ અસાધ્ય રોગમાંથી છૂટી ગયા. બિચારા રીબાઇને મરી ગયા. ભગવાન પણ ખરો છે કે આવા નિસહાય માણસને આટલું દુઃખ ?'' ત્યાં સાવિત્રી બોલી 'તેમના કરમ.' લીના કહે ''તો શું તેમનું કર્મ આટલું બધુ ખરાબ હશે.'' સાવિત્રી કહે, ''કર્મ કોઇને છોડતું નથી.'' ''મમ્મી જ્યારે જ્યારે હું તેમના પરિવાર વિશે જાણવા પ્રયત્ન કરું તો તેઓ કશું જ બોલતા

નહિ.''

લીનાને રવજીકાકા કહેતા, દીકરી હું અભાગિયો છું. મારા જીવનમાં કશું જ નથી. મારા જીવનમાં એક વખતે સોનાનો સૂરજ હતો. સુખ, સાહ્યબી, ધન, દોલત, પદ, પ્રતિષ્ઠા, માન, મરતબો બધું જ હતું. ત્યારે મને ઇશ્વરમાં શ્રધ્ધા ન હતી. હું સદાય ઘમંડમાં રાયતો રહેતો, જીવનમાં કૂટ-કપટ અને અનીતિના અનેક ખેલ ખેલ્યા. પરંતુ દીકરી કર્મની ગતિ ન્યારી છે. આજે જે ભોગવી રહ્યો છું તે મારા કર્મનું ફળ છે. આટલું કહેતા રવજીકાકાની આંખો ભીની થઇ જતી અને સ્વર રૂંધાઇ જતો.

રયજીકાકા કહેતા ''દીકરી મારા પોતાના પણ મારા પાપનાં ભાગીદાર નથી. પરંતુ તે પૂર્વ જન્મના ઋણાનું બંધને કારણે મારી આટલી સેવા ચાકરી કરી. દીકરી મારી પાસે તને આપવા જેવું કશું જ નથી, પરંતુ મારા મર્યા પછી આ ડાયરી હું તને આપીશ. તે તું તારી પાસે રાખજે. કદાચ તારા સવાલનો જવાબ તેમાંથી મળી જાય... ?''

સાવિત્રીએ પૂછ્યું ''બેટા લીના તને એ ડાયરી મળી.'' ''સવારે જ્યારે હું હોસ્પિટલ ગઇ ત્યારે રવજીકાકાના પી.એમ. માટે લઇ જતા હતા. જ્યારે રવજીકાકા છેલ્લા શ્વાસ હતા. ત્યારે આ ડાયરી તેમણે મારા સાહેબને આપેલી અને કીધુલું કે આ ડાયરી દીકરી લીનાને આપશો.''

ડાયરી મળી એ શબ્દ સાંભળતા સાવિત્રીને મનમાં આશ્ચર્ય થયું. ''મમ્મી આ ડાયરી મારી પાસે જ છે. મેં ડાયરીના થોડાક પેઇજ જોયા અને વાંચ્યા પણ ખરા, પરંતુ દવાખાનામાં કામની વ્યસ્તતાના કારણે અનુકૂળા સમયે વાંચીશ.'' ડાયરી વાંચતા લીના કહે છે કે, ''આ ડાયરીમાં વારંવાર એક સ્ત્રીનું નામ આવે છે એટલે રવજીકાકાને તેમની સાથે કોઇ નિકટનો સંબંધ હોવો જોઇએ.''

સાવિત્રીએ પૂછ્યું ''એ સ્ત્રીનું નામ શું હતું?'' લીના કહે, ''શોભના.''

સાવિત્રી શોભના નામ સાંભળતા જ અચરજ પામી અને સાવિત્રીને શોભના...! શોભના...! નામના પડઘા સંભળાયા. સાવિત્રી ઘડીભર તો ધ્રુજી ગઇ.

કોલેજના વહિવટી વિભાગમાં મોહન એકલો રહેતો હતો. તેના પણ લગ્ન નહોતા થયા અને તે વિદ્યાર્થીઓ તે વિદ્યાર્થીઓ સાથે હોસ્ટેલમાં જ રહેતો હતો. હોસ્ટેલની બાજુમાં જ સાવિત્રીનું ઘર હતું. ત્યાં સાવિત્રી તેની માતા સાથે રહેતી હતી. સાવિત્રી રસોડું ચલાવતી હતી. સાવિત્રીએ જ્યારે મોહનને જોયો ત્યારથી

તે તેના દિલમાં વસી ગયો. મનોમન તે તેને દિલ દઇ બેઠી. મોહન સાવિત્રીને શોભના કહીને બોલાવતો. સમય વિતતો ગયો મોહન અને સાવિત્રી અવાર નવાર મળતા ને પ્રેમના તાંતણે બંધાઇ ગયા. આમ મોહન સાવિત્રીના ઘરે આવતો. તેની જાણ સાવિત્રીની માતાને થઇ એટલે સાવિત્રીની મમ્મીને આ વાત ગમી નહિ. સાવિત્રીના મમ્મી સાવિત્રીને લઇ તે પોતાના ભાઇના ઘરે રહેવા ચાલી લઇ. સાવિત્રીની વાત તેની માતાએ તેના ભાઇને કીધી. મામા સાવિત્રીને ખૂબ સમજાવતા. સાવિત્રી કોઇ વાત માનવા તૈયાર ન હતી. સમય જતા સાવિત્રીએ એક દીકરીને જન્મ આપ્યો. બિલકુલ સાવિત્રી જેવી જ લાગે.

સાવિત્રીએ મોહનને પોતાનો સર્વસ્વ પ્રેમ અર્પણ કરી દીધું હતું. સાવિત્રીની માતા હયાત હતા ત્યારે તે સાવિત્રીને કહેતા કે ''બેટા તે જેના માટે જીવન બરબાદ કર્યું છે તે તો પરદેશ ચાલ્યો ગયો છે. તે થોડા દિવસ પહેલા આપણા જુના ઘરે આવ્યો હતો. પરંતુ ઘરના બારણે તાળું લટકાવેલું જોઇ આજુબાજુના લોકોને પૂછીને ચાલ્યો ગયો.'' તે દિવસે સાવિત્રી અને તેની દીકરી લીનાને ઘર છોડવાનો પસ્તાવો ખૂબ થયો. સમય કોઇની રાહ જોતો નથી. આજે લીના મોટી યુવાન થઇ ગઇ હતી. આજ સુધી તેના પિતાનું રહસ્ય સાવિત્રીએ છુપાવી રાખ્યું હતું. પરંતુ આજે સાવિત્રીની પ્રતિક્ષાનો જવાબ આ.....!


**- રમેશચંદ્ર સી. મુલિયા**
**પ્રા. શાળા નં. ૮, જોરાવરનગર**
**તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.**
**મો. ૭૯૯૦૭૭૮૪૯૯**


********

**દેવસરના નવા સૂરજદેવળ મંદિરમાં વાર્તા શિક્ષણકાર્ય શિબિરનું આયોજન કરાયું**

Sandesh



સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા ચોટીલા બીઆરસી ભવનના સંયુક્ત ઉપક્રમે દેવસરના નવા સુરજદેવળ મંદિર ખાતે વાર્તા શિક્ષણ કાર્ય શિબિરનું આયોજન કરાયુ હતુ. જેમાં સાહિત્યકાર રાઘવજીભાઇ માધડ, વાસુદેવભાઇ સોઢા, ગોપાલભાઇ બારોટ, ડો. સી. ટી. ટુંડીયા, જીલુભાઇ ધાધલ, ડો. દિપેન્દ્રભાઇ ધાધલ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સન્માન

ગાંધીનગરનું ટાઉનહોલ. છલોછલ ભરેલું અને ખેલાડીઓ સન્માન સમારોહ. મંત્રીઓથી લઇ મુખ્યમંત્રી એલાડીઓને સન્માનિત કરવા સ્ટેજ ઉપર બિરાજમાન થયેલા. એક પછી એક ખેલાડીઓનું સન્માન મુખ્યમંત્રીના વરદ હસ્તે થઇ રહ્યું હતું. હોલમાં ઉપસ્થિત તમામ અતિથિઓ ખેલાડીઓને તાલીઓના ગડગડાટથી પ્રોત્સાહન આપી રહ્યા હતાં. અંતમાં દેશનું નામ વિદેશમાં રોશન કરનાર ખેલાડી નયનાનું નામ બોલ્યા. આંતરરાષ્ટ્રીય ખેલાડીને સન્માન આપવા સમગ્ર અતિથિઓ પોતાની જગ્યાએ ઊભા થઈ ગયા. તમામ મંત્રીમંડળ અને મુખ્યમંત્રીના વરદ હસ્તે નયનાને એવાર્ડ એનાયત કર્યો.

એવોર્ડ લેવા જતી વખતે નયનાને તેના શુભારંભની યાદ આવી ગઇ. ધોરણ-૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની દિકરી નયના એક પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી હતી. દેખાવ કાંઇ સુંદર નહિ ને સ્વભાવે નાની નાની વાતમાં રીઝાઈ જતી. તેની ન કોઇ બહેનપણીને એકલવંતુ રહેનારી. ભણવામાં પણ ઠીકઠાકને રમવામાં તો તેનો કોઈ જવાબ નહિ. શાળામાં રમતનો પિરિયડ આવે કે તેનામાં અનેરો જુસ્સો આવી જતો. ગોળાફેંકની રમત હોય કે લાંબીકૂદ. ફેંક-કૂદ માટે જ તે શાળાએ આવતી.

એક દિવસ શાળામાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરેલું હતું. વર્ગ દીઠ ગરબાની કૃતિમાં ફરજીયાત ભાગ લેવાનો હતો. ધોરણ-૮માં પ્રાચિન ગરબાની કૃતિની તૈયારી ખૂબ જોશથી ચાલી રહી હતી. રૂપરૂપના અંબાર જેવી દિકરીઓ જાણે સ્વયં અંબા ગરબા લઈ રહી હોય તેમ તેમની પ્રેક્ટીસ ચાલતી હતી. અચાનક નીમાના પગમાં મચકોડ આવી ગઈ. નીમાને પંદર દિવસનો પગે પાટો આવ્યો. જાણે સમગ્ર મહેનત એળે ગઈ હોય તેમ લાગતું હતું.

નયના કાયમ પ્રેક્ટીસ જોયા કરતી હતી. બહેનપણીઓએ તેને નીમાની જગ્યાએ લેવાનું નક્કી કર્યું. આ વાત શિક્ષકના કાને પડી. તે તો ગુસ્સામાં લાલ પીળા થઈ ગયા. તેમને સમગ્ર વર્ગમાં નયનાના દેખાવના વર્ણન કરતા કહ્યું, જાણે અંધારામાં પણ ન દેખાય તેવી તો શ્યામવર્ણી. નામ તેનું નયના પણ મુરઝાઈ ગયેલી.

સમગ્ર વર્ગમાં પોતાનો દેખાવને લીધે થયેલા અપમાનને માનમાં ફેરવવાનાં તેને પ્રયત્નો કર્યા. તેને તેના માતા-પિતાની મદદ લઇ કુસ્તી રમતમાં ઝંપલાવ્યું. તેને જિલ્લા, રાજ્ય, દેશ અને છેલ્લે વિદેશમાં પોતાનું તેમજ માતા-પિતાનું નામ રોશન કર્યું.

એવોર્ડ લેતી વખતે તેને સામે જોયું તો તે જ શિક્ષક જોરજોરથી તાળીઓના ગડગડાટથી નયનાને સન્માન આપી રહ્યાં હતાં.

*******

## સ્વજન

પંખીના માળા જેવું એક નાનું રળીયામણું ગામ. ગામમાં બધા લોકો શાંતિથી રહે. આ ગામમાં એક નાનો પરિવાર પણ રહે.

આ પરિવારના ઘરે વૃક્ષોનો ઉછેર કરેલો. પક્ષીને ચણ, પાણી અને રહેવાની સારી સગવડ કરેલી. મકાનમાં દંપતિ જે જગ્યાએ સુવે બરોબર તેની ઉપર બાજુ બાજુમાં બે સરસ મજાના મોતીના પરોવેલા ઝૂમર લટકે. આ ઝૂમર ઉપર રાત્રે ચકો અને ચકી રાતવાસો કરે. એક ઝૂમર પર ચકી અને બીજા ઝૂમર પર ચકો સુવે. સવાર થતા ઘરમાં ઉડાઉડ કરે. ચીં..ચીં..ના અવાજથી ઘરનું વાતાવરણ ગુંજતુ રહે. આ બન્ને પણ પરિવારના સભ્ય બની ગયેલા.

ચકલી ચીં..ચીં.. કરતી આવે
ચકલી કુદકા મારતી આવે
ચકલીને ચોખાનો દાણો ભાવે
ચકલી ઘરમાં માળો કરતી
ચકલી કોઇને નથી નડતી.

આ પરિવારને ચાર-પાંચ દિવસ માટે બહારગામ જવાનું થાય છે. જ્યારે બહારગામ જવાનું હોય ત્યારે ઘરની અંદર રહેલા પક્ષીઓને ઉડાડવા અને પછી જ ઘરના બારણાં બંધ કરવાનાં આવો નિયમ બનાવેલો. આ નિયમ મુજબ પક્ષીને ઉડાડીને બારણા બંધ કરી પરિવાર બહારગામ ગયો.

બન્યુ એવું કે પડોશીને આ મકાનમાંથી વસ્તુ લેવાની જરૂર પડી. ચાવી તેમને આપેલ. તાળું ખોલ્યું વસ્તુની જરૂર હતી તે લીધી અને મકાનનું બારણું બંધ કરી દિધું.

ચાર-પાંચ દિવસ પછી પરિવાર પાછો આવે છે અને બારણાં ખોલે છે. આ શું ? એક આક્રંદવાળી ચીસ નીકળી જાય છે. ચકો અને ચકી તેમના સુવાનાં ઝૂમર નીચે મૃત્યુ પામેલા પડ્યા છે. દંપતી ધ્રુસ્કે ધ્રુસ્કે રડે છે. રાત્રિનો સુવાનો સમય થાય છે અને દંપતીને આંખમાંથી શ્રાવણ અને ભાદરવો વહે છે. એક સાથે બબ્બે સ્વજન ગુમાવ્યાનો શોક સહન થતો નથી. આ ભેકાર રાત્રિના તમરાનો અવાજ પણ હૃદય ને ચીરીને બહાર નીકળે છે. ખાલીપો આ જ ખટકે છે. દંપતી આ ચકી અને ચકા પાછળ અગિયારસનું પૂણ્ય અર્પણ કરે છે. અગિયારસનો ઉપવાસ કરે છે.

સમયને જતા વાર લાગતી નથી. પાંચ સાત વર્ષના વાણાવાઇ જાય છે. અને આ દંપતી ગામડું છોડી સીટીમાં પોતાનું નવું મકાન ખરીદે છે. આ મકાનમાં રહેવા જવાની થોડી વાર છે. ફર્નિચર બની રહ્યું છે અને તેની તપાસ કરવા દંપતી જાય છે. મકાનમાં દરવાજા પાસે પહોંચે છે. જેવો દરવાજો ખોલવા જાય છે અને એક ઉડી ન શકે તેવું નાનું ચકલીનું બચ્ચું બારણાની બાજુમાં બેઠું હોય છે.દંપતી તેને જોતા તરત જ પ્રેમથી હાથમાં લઇ લે છે. બચ્ચું પણ ચીં..ચીં.. આવજ સાથે હાથ ઉપર રમવા લાગે છે અને મકાન સાથે સ્વજન મર્યાની ખુશીનો પર રહેતો નથી. ત્યારથી તેમણે તેમના મકાનમાં ચકલી આવ-જા કરી શકે એટલી જગ્યા રાખી. મકાન બંધ હોય તો પણ ચકલી આવ-જા કરી શકે.

**- સંજયકુમાર ડી. પરમાર**
**શ્રી થોરીયાળી પ્રા.શાળા, તા. સાયલા**

********

# જગો બન્યો જગદીશ

આપણો દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. અનેક ગામડાઓથી સુશોભિત આ દેશ છે. ગામડાઓમાં પાકેલા અનેક રત્નો વડે આપણો દેશ આજે ઝગમગી રહ્યો છે. જેટલા પણ મહાનુભાવો (કવિઓ, લેખકો, સંતો, મહંતો અને વીર શહીદો) થયાં છે, એમાંથી મોટા ભાગના ગામડાંઓમાં જ જન્મીને પછી આગળ વધ્યાં છે અને દેશને ગૌરવ અપાવી રહ્યાં છે. એવી જ રીતે ગામડામાંથી જે વ્યક્તિ આગળ વધે છે એણે ખૂબ સંઘર્ષ કરવો પડ્યો છે, એવા જ વ્યક્તિ એ નથી કોઇ સંત-મહાત્મા કે નથી કોઇ કવિ-લેખક પણ એના જીવનમાંથી ઘણાં લોકોને પ્રરણા મળી છે અને મળશે એવા વ્યક્તિ એટલે જગદિશ માસ્તર ઉર્ફે જગો.

એક નાનકડું એવું પંખીના માળા જેવું ગામ અને એ ગામમાં જન્મીને ખૂબ સંઘર્ષ કરીને આગળ આવેલ જગદીશ માસ્તર ઉર્ફે જગો. જગાનું બાળપણ એટલે ખૂબ સંઘર્ષવાળું પણ એટલું જ ધાર્મિક ભાવનાઓથી છલોછલ ભરેલું. બાળપણથી જ માતા-પિતા પાસેથી મળેલા સંસ્કારોથી જગો ધાર્મિક ભાવના ધરાવતો અને ધૂન-ભજન કીર્તનમાં જઇ બેસતો. નિશાળે પ્રાર્થનામાં સાહેબ જગા પાસે ભજન ગવડાવતા અને ખૂબ વખાણ કરતાં. જગો સાહેબના વખાણથી જાણે રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો હોય એટલો રાજીનો રેડ થઇ જતો. ગામાં કોઇના મરણના ભજન હોય કે ઠાકરથાળી જગાની હાજરી હોય જ.ગામલોકો પણ જગાનાં વખાણ કરતાં. જગાના માતા-પિતા મજૂરી કરવા બહારના પ્રદેશમાં જતાં રહેતા અને જગાને તો ભણવાનો ખૂબ શોખ એટલે દાદા-દાદી પાસે પોતાના ગામમાં જ રહીને જગો ભણતો. દાદા-દાદીની છત્રછાયાંમાં જગો ધીમેધીમે ભણવામાં આગળ વધતો હતો. ભણવામાં ખૂબ હોંશિયાર હતો એટલે જગાની બીજી કોઈ તકલીફો ઓછી રહેતી. મારો કહેવાનો મતલબ એ કે સાહેબનો માર ખાવાનો જગાના ભાગે ઓછો આવતો. જગાને ભજન ગાવાનો શોખ એટલે એ ધીરેધીરે એમાં પણ પરોવાતો ગયો. દાદા-દાદી ભેગો રહીને મોટો થતો જગો હવે સમજણમાં પણ મોટો થતો જાય છે. જગાના જીવનમાં એક નવો વળાંક આવે આવ્યો. દાદીમાનાં અવસાનથી. દાદીમાને જગો ખૂબ વ્હાલો હતો. જગો પાણી માગે તો દાદીમા દૂધ હાજર કરતાં. હવે જગાનું જીવન મુશ્કેલીઓથી ઘેરાતું ગયું પણ દાદા-દાદીએ આપેલા સદ્‌ગુણો અને નિશાળમાંથી સાહેબો દ્વારા મળેલા ઇનામ અને અક્ષરજ્ઞાનથી જગો મુશ્કેલીઓનો સામનો કરી શક્યો. એકવાર બિમાર દાદીમાએ જગાને ટકોર કરી, ''જગલા તું બવ રખડવા જતો રેશને

પણ પણ હેરાન થઇશ હોં.., હું તને સાંભળીશ''પણ દાદીમાની આ ટકોર એ સમયે જગાનાં મગજમાં ન ઉતરી. પણ ખરેખર દાદીમા ગયા પછી આ ટકોર જગાને સમજાણી. જગો હવે દાદીમા ગયા પછી દાદા અને એના નાના કાકા ભેગો રહેવા લાગ્યો. કાકાના લગન થયા પછી કાકી આવ્યા. જગો તો જાણે દાદીમાના વ્હાલની ખોટ પૂરાશે એવી આશાથી રાજી થઇ ગયો. એકબાજુ જગાને ભણવાનો શોખ તો બીજી બાજુ ઘરના કામકાજ પણ કરવા પડે. એટલે થોડો હચમચી જતો. પાછો દાદીમાની ટકોરને યાદ કરી એકાદ ખૂણામાં જઇ રડી લેતો. જગો ઘરના કામ કરતો. પાણી ભરવા જતો, પણ ભણવા માટે થઇને. ગામની નિશાળમાં જગાનું ભણવાનું પુરૂ થયા પછી ૧૦ કિ.મી. દૂર એક ગામ આવેલું છે, ત્યાં સાઈકલ લઇને જગો ભણવા જતો. ઘરેથી રોજ એક મિત્ર સાથે સાઈકલ લઇને જતો. બહારગામ ભણવા જવાની પ્રેરણા પણ મિત્ર પાસેથી મળેલી. જગો ઘરનાં કામ કરતો જાય અને ભણતો જાય. કાકા બહું દયાળું જગાને ખિસ્સામાં પાંચ-દસ રૂપિયા વાપરવા આપતાં.

જગો ભાગ્યશાળી તો ખરો જ. સાતમાં ધોરણમાં ભણવાનું પુરું કરીને જગો પહેલા નંબરે પાસ થયો. જગો સારા ગુણ લાવ્યો. હાઇસ્કૂલમાં ભણવા જવાનું માંડી વાળ્યું. આગળ કીધું એમ એક મિત્રની પ્રરણાથી જગો હાઇસ્કૂલમાં ગયો. પણ પાંચ દિવસ પ્રવેશ લેવામાં મોડા પડતાં હાઇસ્કૂલમાં આચાર્ય સાહેબે પ્રવેશ આપવાની ના પાડી. જગાના કાકા અને એક સંબંધીની આજીજીથી સાહેબે જગાનું પરિણામ જોયું. સાહેબને થયું કે હોંશિયાર છોકરો છે. એનું વર્ષ નથી બગાડવું. જગાનું હાઇસ્કૂલનું શિક્ષણ ચાલવા માંડ્યું. જગાનો આઠમાં ધોરણમાં દસમો નંબર આવ્યો. થોડી નિરાશા પણ મળી, પરંતુ મિત્રના દિલાસાથી જગો આગળ વધ્યો. નવમાં ધોરણમાં છઠ્ઠા નંબરે પાસ થયો. દસમાં ધોરણમાં જગો બીજા નંબરે પાસ થયો. સાહેબો જગા ઉપર ખૂબ રાજી થઇ ગયા. સાહેબોની પ્રેરણાથી અને મિત્રોનાં સાથથી જગો અગિયારમાં ધોરણમાં ભણવા માટે મોટાં શહેરમાં ગયો.પછી તો જગો પોતાની જાતે એડમીશન લેતો અને ભણતો. કાકાને પૈસાની જરૂર હોય ત્યારે ફોન કરતો. કાકા કહેતાં, ''મારે નવરાશ નથી તું આવીને લઇ જા'' એટલે જગો ખટારામાં બેસીને ધક્કા ખાતો ખાતો આવતો. પૈસા લઇ જતો. ધીમેધીમે જગો બદલાવા લાગ્યો. કોલેજ શિક્ષણ દરમિયાન જગાને બાળપણથી મળેલી સંસ્કારિતા અને રહેણી-કરણીથી જગાની બોલબાલા. જગો કોલેજનો સાંસ્કૃતિક મંત્રી બન્યો. જગાની શિખવાની ધગશથી આગળ-આગળ વધતો ગયો. આ બાજુ માતા-પિતા મજૂરી અર્થે ગયેલ એમની ચિંતા જગાને સતાવતી. માતાનું

માનસિક સ્વાસ્થ્ય નબળું હોવાથી જગાને એની ચિંતા પણ કયાંક ક્યાંક અંદર અંદર ખૂંચ્યા કરતી. હવે ભણીગણીને માસ્તર બન્યો. ઇશ્વરની કૃપા નજીકના જ ગામમાં નોકરી મળતાં જગો હવે જગદીશ માસ્તર બની ગયો. ગામ લોકો પણ હવે નાનપણનાં એ જગાના અને સંઘર્ષનાં સાક્ષી હતાં. ગામ લાકો જગાને ખૂબ માન આપતાં. જગો ગામ નજીકની મળેલી નોકરીથી હવે ગામમાં જ રહેવા લાગ્યો. કાકા-કાકી ભેગો જગો રહેવા લાગ્યો. જગાના લગન થયા પછી માતા-પિતાની પરિસ્થિતિ નાના ભાઇ-બહેનોની ચિંતાથી જગો હવે પોતાના કાકા-કાકી પાસેથી રાજી-ખુશીથી રજા લઇ માતા-પિતા ભેગો રહેવા ગયો. નાના ભાઇ-બહેનોને પણ પરણાવી જગાએ નવું ઘર બનાવ્યું. હવે ગામનાં જાહેર કાર્યોમાં પણ જગો મોર્ય ચાલીને સહભાગી થવા લાગ્યો. ગામમાં ચાલતાં મંડળો થકી જગો ગામમાં વિવિધ સેવાભાવી પ્રવૃત્તિઓ કરાવવા લાગ્યો અને જગો હવે જગો નથી રહ્યો, પણ જગામાંથી જગદીશ માસ્તર બની ગયો છે.

**-જોરૂભાઇ ઓળકિયા**
**મોટી મોલડી પ્રા. શાળા**

********

## સ્વતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ

''અરે મુકેશ તું ?''

૧૪મી ઓગષ્ટે, આવતીકાલનાં ધ્વજવંદન માટેની આગોતરી તમામ તૈયારીઓ, આજે આટોપી હું શાળાએથી ઘેર જઈ રહ્યો હતો. અચાનક મારી નજર મારા અભ્યાસ વખતના સહાધ્યાયી મિત્ર મુકેશ પર પડી. મેં બાઇક પાર્ક કર્યું અને પાછળથી મુકેશનાં વાંસામાં ધબ્બો લગાવી ને ઉપરનું વાક્ય ઉચાર્યુ.

''અરે મુકેશ તું ?''

કહીને એ લગભગ મને વળગી જ પડ્યો. હું પણ એને અનુસર્યો. લાંબા સમયથી પછી મળતા હોવાથી ઘડીભર અમે એકમેકને આનંદ, આશ્ચર્યથી જોઇ રહ્યા ! બંનેએ અભ્યાસકાળ પછી થયેલા એકમેકના શારીરિક ફેરફારોની નોંધ લીધી.

'ચાલ ચા પીએ' કહી અમે વાતો

કરવા માટે એક અલાયદા ટેબલ પર અમે ગોઠવાયા. બે-ચાનો ઓર્ડર આપ્યો.

''બોલ તું ક્યાં શું ? કેમ ચાલે છે ? કુટુંબમાં કોણ-કોણ ?'' વગેરે પ્રશ્નો પ્રતિપ્રશ્નોથી વાતચીતનો દોર આરંભ થયો. પછી તો ખૂબ આત્મીયતાથી કુટુંબની, શાળાની, બાળકોની રસપ્રદ વાતો તાસ અડધો-પોણો કલાક સુધી ચાલ્યો. આ પછી વારો આવ્યો અમારા અભ્યાસકાળનાં સ્મરણો વાગોળવાનો. અમારા બંનેમાંથી એકપણ સુદામા-કૃષ્ણની ભૂમિકાએ નહોતા, છતાં પણ આ તને સાંભરે.... મને કેમ વીસરે રે.... તો તાસ લાંબો ચાલ્યો. અમે બંનેએ સૂક્ષ્મ રીતે અમારી માતૃસંસ્થા લોકભારતીના કેમ્પસ પર ચકરાવો લઇને વળી પાછા વાસ્તવિકતાના પ્લેટફોર્મ પર ઉતરણ કર્યું.

''પણ તું આટલું લાંબુ અપડાઉન કેમ કરે છે ?'' એ ગામમાં રહેવાનું નથી ફાવતું ? તું તો ગામડાં બેઠાં કરવાનાં આદર્શ સાથે સંસ્થામાંથી નીકળેલો તો પછી આમ કેમ ?

વાતવાતમાં એણે પોતાના ૩૫ કિ.મી. લાંબા અપડાઉનની વાત કરી. એ વાતનો તાગ લેવા મેં પુછ્યું. આ પ્રશ્નથી મે મુકેશને બરોબરનો લાગમાં લીધો. કેમ કે આ મુકેશ અભ્યાસકાળ વખતે આદર્શોની વાત કરતો. એનું વાંચન પણ અમારા બધાથી વિશેષ. એ હંમેશા ગાંધી વિચાર, ગ્રામોધ્ધાર, શિક્ષણ, સર્વોદય વગેરે વિષયે કેન્દ્રમાં રાખીને વાંચન કરતો. એક વખતો એણે ર. વ. દેસાઇની નવલકથા 'ગ્રામ્ય લક્ષ્મી'નાં ચાર ભાગ મારા હાથમાં પકડાવીને કીધેલું પણ ખરું, ''મહેશ, તું આ તો વાંચજ. ગામડામાં જેને કામ કરવું છે એને આ નવલકથા સમજવી જ રહી અને હું તો એમ કહું છું કે પોતાના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામોધ્ધારનું કામ કરવા માંગતી સંસ્થાના અભ્યાસક્રમમાં આ નવલકથા હોવી જોઇએ.''

આમ, આવા આદર્શો સેવીને પ્રાયશ્ચિત ભાવે ગામડામાં રહી, ગામડાની પ્રાથમિક કેળવણી દ્વારા ગામડાને બેઠા કરવાની મનુભાઇ પંચોળી 'દર્શક'ની શીખ ગાંઠે બાંધીને અમે અમારા ઘેર અને પછી અમારા કાર્યક્ષેત્રમાં ગોઠવાયેલા એટલે મારો આ પ્રશ્ન યથાસ્થાને તો હતો જ.

તે મહેશ આર્કિમીડીઝની પેલી વાત સાંભળી છે ? એણે એવું કહેલું કે જો મને પૃથ્વીને બહાર ઉભા રહેવાની જગ્યા આપવામાં આવે તો મજબૂત દંડ વડે હું પૃથ્વીને ખસેડી બતાવું.

મારા પ્રશ્નનો જવાબ આપવાને બદલે એ વિજ્ઞાનના વર્ગખંડમાં હોય એ રીતે એ બોલ્યો.

''હા, પણ આ આર્કિમીડીઝ અને તારા અપડાઉનને વળી શું સંબંધો ?'' મે થોડી મક્કમતા થી મારી વાત પકડી રાખી.

''સંબંધ એ જ કે મારી મુંઝવણ પણ પેલા આર્કિમીડીઝના જેવી જ છે. ગામડામાં કામ કરવા માટે મને ગાંમડામાં જગ્યા તો મળવી જોઇએ ને. ?'' એણે જરા મભમમાં વાત કરી.

''એટલે શું કાંઇ સમજ્યો નહી.'' હુ઼ં વિસ્તારથી એની મુશ્કેલી જાણવા માંગતો હતો એટલે એની પાછળ જ પડી ગયો.

તું મારો રૂમ પાર્ટનર હતો એટલે તને ખબર તો છે કે હું જ્ઞાતિએ રહ્યો પછાત. એટલે જ મને ગામમાં સારું મકાન મેળવવામાં નિષ્ફળતા મળી. હવે એને સાવ ચોખ્ખા પણ દર્દભર્યા શબ્દોમાં પોતાની એ વાસ્તવિકતા મારી પાસે મૂકી કે જેનો મારી પાસે કોઇ ઉકેલ નહોતો.

સાંભળી હું સ્તબ્ધ બન્યો, એ પીડાથી વધુ વ્યથિત બન્યો એટલે વધુ વાતો ન કરી શક્યો. ફોન નંબરોની આપ-લે કરી છુટા પડ્યા.

મુકેશે તો મારો પીછો છોડ્યો, પણ 'મને કામ કરવા માટે પણ જગ્યા મળવી જોઇએ ને ?'એ એની દર્દભરી મુંઝવણ મારો પીછો છોડવા તૈયાર નહોતી. ઘરે પહોંચ્યો ત્યાં સુધી એનો યક્ષપ્રશ્ન મારા માથામાં હથોડાની જેમ અથડાતો રહ્યો.

આ બધાની વચ્ચે મનુભાઇ પંચોળી (દર્શક) એ દિલીપ રાણપુરાના 'શિક્ષક કથાઓ' પુસ્તકને આવકારઆપતા લખેલી એના શબ્દો : ''જન્માળ વર્ણ વ્યવસ્થાને શિખરે ચડાવી ને આપણે પોણા ભાગના સમાજના હૃદય અને બુધ્ધિ વૈભવનો લાભ ખોયો છે.'' એ યાદ આવી ગયા.

ઘેર આવ્યો ત્યારે ટી.વી. પર સ્વાતંત્ર્યપર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિનો રાષ્ટ્રજોગ સંદેશ પુરો થયેલો અને પેલું દેશભક્તિનું ગીત,

''આજ પુરાની જંજીરો કો તોડ ચૂકે હૈ,
નયે જગત સે હમ ભી નાતા જોડ ચૂકે હૈ.''

રેલાઇ આવતું હતું. આજ પહેલી વાર મારા મને બળવો કરીને કવિની આ પંક્તિઓ માનવાની ધરાહાટ ના પાડી !!!

********


દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 12-01-2025
ફોટો જર્નાલિસ્ટ હેમાંગ રાવલ

**જિલ્લા શિક્ષણ તાલીમ ભવનનો વાર્તાશિક્ષણ કાર્યશિબિર કાર્યક્રમ યોજાયો**

સુરેન્દ્રનગર ભાસ્કર । સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વાર્તાશિક્ષણ કાર્યશિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ. વાર્તાશિક્ષણ કાર્યશિબિર તજજ્ઞ સાહિત્યકાર રાઘવજી માધડ , સાહિત્યકાર વાસુદેવભાઈ સોઢા ,લોકવાર્તાકાર ગોપાલભાઈ બારોટ, ડો સી ટી ટૂંડિયાની ઉપસ્થિતિમાં વાર્તાથકી શિક્ષણમાં કેવીરીતે ઉપયોગી થાય તેની તાલીમ આપવામાં આવી હતી. આ શિબીરમાં પૂર્વપ્રમુખ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ જીલુભાઈ ધાધલ,કાર્યાધ્યક્ષ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ડો દીપેન્દ્રભાઈ ધાધલ , BRCC, ચોટીલા પ્રકાશભાઈ પરમાર, CRCC, ભીમોરા ગૌતમભાઈ જાદવ ઉપસ્થિત્ રહ્યા હતા.

# ગાડી

ક્યારે સાંજના પાંચ વાગે અને શાળાનો ઘંટ વાગે, તેની રાહ એકબીજાની સામે જોઇને છોકરાઓ બેઠા હતા. સાહેબ શું લેશન આપે છે, તેમાં ક્યાં ધ્યાન હતું ? જેવો ઘંટ વાગ્યો કે દફતર બગલમાં ભરાવી ઘર બાજુ દોડ મુકી. દફતર મુકી રમવાના બહાને નક્કી કરેલ નાળાં પાસે એ ભેગો થઇ ગયો.

બસ આજે તો રેલ્વેની ગાડી જોવા જવું હતું. ધીરે ધીરે કાચા રસ્તેથી સ્ટેશન બાજુ નીકળ્યા. રસ્તામાંથી એકાદ લાકડી લીધી. રસ્તામાં પડેલા પથ્થર પર ઠેકડાં મારતા જતા, બાવળની પાકી ગયેલી પીળી સીંગ ચાવતા, એક બોલ્યો, ''ઘરે કહીને તો આવ્યો છે ને ?'' બીજો કહે ''રમવાનું કીધુ છે.'' મેં કહ્યું, કે ''બસ ઘેરતો ખબર જ છે કે રમવા ગ્યો હશે.'' ત્યાં દૂરથી ધુમાડા દેખાયા ને પગની ઝડપ વધી ગઇ.


સ્ટેશન પર ધીરે ધીરે ગાડી આવી। હાથ લાબાં કરી ને આવજો...! આવજો...! કરતાં રહ્યાં ત્યાં તો એન્જિન આગળ જતું રહ્યું.

પાણીના ગલાસ લઇને બારીમાંથી પેસેન્જરને પાણી આપતા જોઇ થતું, આપણે પણ માંગી લઇએ, પણ ખીસ્સામાં કાંઇ ન હતું.

ગાડીએ પાવો વગાડ્યો સ્ટેશન માસ્તરે લીલી ઝંડી બતાવી. ગાડી ઉપડી. કોઇને ન ઓળખતા પણ હાથ લાંબો કરી 'આવજો' કહેવા લગ્યા. અંધારું થવા આવ્યું હતું. મેં કહ્યું કે ''ચાલો ઘેર હજુ ઘણું દૂર છે.'' રસ્તામાં બીક પણ લાગતી, મનમાં બીક હતી કે ઘરે પહોંચી શું થશે ?

ગાડી જોવાનો આનંદ ઘરની બીકથી ફેરવાઇ ગયો. ઝડપ રાખી પણ ઘરે પહોંચ્યા ત્યાં તો બા રાહ જોતી હતી. પછી શું એ સોટીના બે સોળ પડી ગયા. પણ ચોપડીમાં આવતી ગાડીનાં ચિત્રએ અમને ગાડી સુધી પહોંચાડ્યા એનો આનંદ હતો.

**– બંસીકુમાર જી. લખતરીયા**
**ડેરવાળા પે સે. શાળા,**
**તા. લખતર**



# ઝઘડો

મહેકના પપ્પા એક સામાન્ય માણસ હતાં. મહેકને તેના ફઇબા પરાણે શાળામાં બેસાડ્યો. ને તે દીકરો ખૂબ જ ધમપછાડા કરતો. તેનો શાળામાં પ્રથમ દિવસ જ તેના વર્ગ શિક્ષકે તેનો પરિચય એક સારા, શિસ્તવાળા બાળક તરીકે આપ્યો. થોડા દિવસો થયા હશે ને મહેકને તેના મિત્ર સાથે મારા-મારી થઇ. તેનું નામ જયેન્દ્ર હતું.

જયેન્દ્રના પપ્પા બીજા દિવસે શાળાએ આવ્યો. ''આ કોનો દિકરો છે ?'' ત્યારે તે વખતે ના વર્ગ શિક્ષક અલિમહમદ બ્લોચ માસ્તરે કહ્યું, ''નવિનભાઇનો દીકરો છે.'' આટલું સાંભળતા જ જયેન્દ્રના પપ્પા તેમના ઘર તરફ પાછા ચાલ્યા ગયા. ઝગડો થોડો સમય ઊભો રહી ગયો.

તે વખતનાં નવી શાળાનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. તેમાં શાળાના સુશોભનનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું હતું. તે શિક્ષક તેમાં વ્યસ્ત હતા.

શાળા સુશોભન કાર્યમાં શાળામાં અલગ-અલગ દેશ નેતાઓ તથા શાળા પરિસરની ઝાંખી કરાવતી છબીઓ દિવાલ પર લગાવવાનું કામ ચાલી રહ્યું હતું. આ દરમ્યાન દિવાલમાં ખીલી લગાવવા લાકડાની ફાડ ન મળતા ગ્રીપની જરૂર પડી. આ ગ્રીપ લેવા માટે માસ્તરે પેલા ઝઘડો થયેલા બન્ને મિત્રોને સાથે ગ્રીપ લેવા મોકલ્યા.

ત્યારે બન્ને છોકરા માસ્તરનાં એક અવાજ પર ગ્રીપ લેવા ગયા. મહેકની સાઈકલમાં પેલો ઝઘડાવાળો છોકરો જયેન્દ્ર સંકોચ સાથે બેઠો. પરંતુ જયેન્દ્ર પાછળ બેઠા પછી કશુંય બોલે નહિ. જયેન્દ્રનું મોં ચડેલું, ને નામ ફૂલેલું હતું. પરંતુ થોડે દૂર જતા અચાનક મહેકે તેને પૂછ્યું, ''ઈલા ભાઇબંધ, પેલા સાહેબે પૈસા આપ્યા તે તારા ખિસ્સામાં તો છે ને ક્યાંક પડી તો નથી ગયા ને ?''

આટલું કહેતા.... જયેન્દ્રનાં બન્ને હાથ સાઈકલના કેરીયર પરથી મહેકના ખંભા પર આવી ગયા. બન્ને દોસ્ત બની ગયા.

**- મહેશકુમાર એન. વાઘેલા**
**શ્રી તાવી પ્રા. શાળા,**
**તા. લખતર**

## સાચી સમજ

એક જંગલ હતું. તેમાં ઘણાંબધા પશુઓ અને પંખીઓ રહેતા હતા. જંગલના રાજા સિંહે પશુઓ અને પંખીઓની મિટિંગ બોલાવી મિટિંગમાં હાથી, વાઘ, રીંછ, ચિત્તો, વરુ, વાનર વગેરે પ્રાણીઓ આવ્યા. પોપટ, ગીધ, બાજ, ગરૂડ, ચિબર, મોર, ઘુવડ, કોયલ વગેરે પંખીઓ પણ આવ્યા.

પશુઓ અને પંખીઓએ ઘણા બધા પ્રશ્નોની રજુઆત કરી. સિહે કહ્યું, આપણે ખૂબ કરપા દિવસો જોવાના આવી રહ્યા છે. કારણ કે માણસો અત્યારે જંગલોનો નાશ કરી રહ્યા છે. અને આપણને રહેવા માટે ક્યાંય જગ્યા પણ રહેવા દીધી નથી. વૃક્ષોના નાશ ને કારણે વરસાદ પણ નથી થતો. નદી, નાળા, ઝરણાં વગેરેમાં પણ પ્રદૂષણ ફેલાવવામાં આવે છે. માટે આપણે પીવા લાયક પાણી પણ મળતું નથી. સિંહની વાતમાં સાથ આપતા ગીધ બોલ્યું, પાણી અને વૃક્ષોની ક્યાં વાત કરો છો, શુદ્ધ હવા પણ રહેવા નથી દીધી. માટે આપણે આ સંકટનો સામનો કરવા આકાશ પાતાળ એક કરવા પડશે. બધાં પશુઓ અને પંખીઓએ ભગવાનને પ્રાર્થના કરી. સાચા દિલથી થયેલી પ્રાર્થનાથી ભગવાન ખુશ થયા અને સંદેશો આપ્યો. તે માણસો સુધી પહોંચાડવાનું કહ્યું.ભગવાને આપેલો સંદેશો માણસો સુધી પહોંચાડવા બધાં પશુઓ અને પંખીઓ નીકળ્યાં.

ગધાભાઇ તો ગાવ લાગ્યા, વાનર વગાડે ઢોલ, હાથીભાઇ સૂંઢ ઉઠાવી કહેવા લાગ્યા બે બોલ. 'સાંભળો તમે માનવપ્રાણી, આવી છે દેવોની વાણી :'

'વૃક્ષો વાવો, વરસાદ લાવો,
વૃક્ષનો નાશ જીવન વિનાશ,'
હેલે ગાવો ગીત, પર્યાવરપથી રાખો પ્રિત,
પર્યાવરણ બચાવો, સૃષ્ટિ સજાવો.''

હાથીભાઇએ વૃક્ષનું મહત્વ સમજાવ્યું. રીંછભાઇએ પર્યાવરણને શુદ્ધ રાખવાથી થતાં ફાયદાની સમજ આપી. પાલતું અને જંગલી પ્રાણીઓને એક થવાની વાત કરી. સંપ ત્યાં જંપ.માટે હવે આપણે અંદરો અંદર એકબીજાનાં દુશ્મન નહી રહીએ. રાગ-દ્વેશ ત્યજી સર્વે પશુ-પંખી એક થયા અને એક મોટું જૂથ બજી ગયું. દૂધાળા પ્રાણીઓ ગાય, ભેંસ, બકરી-ઘેટું વગેરે પ્રાણીઓએ માણસોને કહ્યું કે તમે અમારામાંથી કેટલી ચીજવસ્તુનું ઉત્પાદન કરો છો. દૂધ, દૂધની બનાવટો અને અમે મરી ગયા પછી પણ અમારી ચામડીમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવો છો તો પણ તમે અમને શાંતિથી જીવવા દેતાં

નથી. પરંતુ સ્વાર્થમાં અંધ બનેલા માનવીને આ વાત સમજાણી નહિ.


બધા પશુ-પંખીઓએ નક્કી કર્યું, આ લાતો કે ભૂત બાતો સે નહિ માનતે. હવે ચમત્કાર બતાવવો જ પડશે.બધા પશુ-પંખીઓએ નક્કી કર્યું કે આપણે હવે શહેરમાં જતા રહેવું. બધા ગયા રેલવે સ્ટેશને માણસો પ્રાણીઓને જોઇને ભાગવા લાગ્યા. રેલ્વે સ્ટેશને જગ્યા થઇ ગઇ. બીજા પ્રાણીઓ બસમાં અમુક પ્રાણીઓ ખાનગી વાહનમાં ... અમુક પ્રાણીઓ મોટર અને મેટ્રો ટ્રેનમાં પણ બેસી ગયા. પંખીઓ ઉડા-ઉડ કરવા લાગ્યા. મધમાખીઓ ઉડવા લાગી. બધી બાજુ હાહાકાર મચી ગયો. હવે માણસો જાય તો જાય ક્યાં ? જ્યાં જાય ત્યાં સંકટ સામે.

માણસોએ કરેલ ભૂલનું પરિણામ ભોગવવું પડ્યું. ''નક્કી કર્યું કે આજ થી ક્યારેય અમે પશુ-પંખીને રંજાડશું નહિ અને વૃક્ષોનો નાશ કરશું નહિ. તેનું જતન કરીશું. પર્યાવરણ બચાવીશું અને બીજાનો વિચાર કરીને જીવીશું.''

સિંહે બધા પશુ-પંખીઓને ઇન્ટરનેટ ઉપર ઇ-મેઇલ અને મેસેજ આપ્યો. ટી.વી.માં સમાચાર આપ્યા. આપણે બધા પશુ-પંખીઓએ હવે શહેર છોડી પાછા આપણે જંગલોમાં જતા રહેવું. માણસો આપણી વાતને સમજી ગયા છે. અને વચન આપ્યુ છે કે કોઇને દુઃખ લાગે તેવું કાર્ય ક્યારેય નહિ કરીએ. અમને હવે સાચી સમજ પડી ગઇ છે.

બધાં પશુ-પંખીઓ ધીરે ધીરે પાછાં પોતાના યોગ્ય રહેઠાણે ગયાં. ફરીવાર એક આદર્શ વ્યવસ્થા સાથે જીવન જીવવાની શરૂઆત થઇ.

**- સંજયકુમાર ડી. પરમાર**
**શ્રી થોરિયાળી પ્રા. શાળા,**
**તા. સાયલા**



## પપ્પા આજે તો પતંગ લેવા જઈશું ને ?

રસ્તા પરથી ગાડીના હોર્નનો હૃદયગમ્ય, પરિચિત અવાજ, ઘરમાં બેઠેલા બાર વર્ષના બાળકના કાનમાં સંભળાયો. એક અલગ પ્રકારની ચમકથી તેની આંખો ચમકી પોતાના હાથમાં રહેલી તમામ વસ્તુઓ ફેંકી શ્વાસભેર તેણે દરવાજા તરફ દોડ મૂકી.

બાળકે દરવાજો ખોલ્યો, સામે તેના પપ્પા હતાં. બાળક એકી શ્વાસે બોલ્યો, ''પપ્પા આજે તો પતંગ લેવા જઈશું ને ?'' તેના પપ્પા બોલ્યા, ''અરે જો તો ખરો, હજુ તો ઘરમાં પગ પણ મૂક્યો નથી. ઘડીભર નિરાંત તો લેવા દે.''

બાળક બોલ્યો, ''હા, પણ પપ્પા આજે તો પતંગ લેવા જઈશું ને ?'' પપ્પા, ''તું ઘડીક શાંતિ રાખ, તને કીધુ તો હતું કે પછી લાવી આપીશ.'' બાળક કરમાયેલા ફુલ જેવો ચહેરો કરી નિરાશ વદને પોતે ફેંકેલ વસ્તુઓ અકઠી કરી પોતાના કાર્યમાં પરોવાય છે.

બાળકના પપ્પા આરામ ખુરશીમાં ચા પીતા પીતા પોતાના બાલ્યાવસ્થાના સંસ્મરણોમાં વહી જાય છે. પોતાના પિતાજી પાસેથી એક અને બે રૂપિયા લઇ મોટો પતંગ ખરીદી પોતાના મિત્રે સાથે નદીના પટમાં કેવા જોશભેર દોડતાં. મોટો વાંસ લઇ તેના પર બાવળની ડાળીઓ બાંધી પતંગ લૂંટવા માટે ગામની શેરીઓમાં દોડતાં. સવારે ઉડાવવામાં મોડું ન થાય તે માટે રાતે પતંગને કિન્ના બાંધી દેતા. ગોદડા સીવવાનો દોરો લઇ ગયો છે, તે ખબર પડતાં મા કેવી બૂમાબૂમ કરતી. ને અચાનક બૂમ સંભળાઇ, 'સાંભળો છો ?' રસોડામાંથી પત્નીનો અવાજ આવ્યો. બાલ્યાવસ્થાનોએ પતંગ, દોરો, વાંસ બધુ ત્યાં જ મૂકીને ઝબકીને જવાબ આપ્યો, ''એ આવ્યો.''

બીજા દિવસે સાંજે એ જ ગાડીનો કર્કશ પણ હૃદયગમ્ય અવાજ રસ્તા પરથી આવે છે. પણ બાળકની આંખોમાં ન ચમક છે. ન શ્વાસભેર દોડવાની હામ, તે પોતાના કાર્યમાં મશગુલ રહે છે.

થોડીવારમાં દરવાજો ખુલે છે. બાળકના પપ્પા દરવાજામાં ઊભા રહે છે. બાળકનું ધ્યાન તેના પપ્પા પર તરફ જાય છે ને અચાનક તેની આંખોમાં ચમક આવે છે ને તે શ્વાસભેર દોડે છે.

લૂંટેલી દોરીનો લચ્છો કરતાં, લૂંટનો પતંગ હાથમાં ચડાવતાં જાણે ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા ન હોય !!!

**– ગિરીશકુમાર ઝેડ. રાઠોડ**
**શ્રી જુના જસાપર પ્રા. શાળા**
**તા. સાયલા**

# લિફ્ટ

સાહેબે મને બાઇકમાં બેસાડ્યો ત્યારથી જે સામે મળે તે સાહેબ સામે માથું નમાવે. છકડાવાળો, સાઇકલવાળો, ગાડીવાળા, ઊંચીલીટી,અરે આજુબાજુના ખેતરના માણસો પણ સાહેબને નમન કરે. ત્યારે આ ભાયડાના મગજમાં ચમકારો થયો.

''અત્યારે આવા ભર શિયાળામાં વીજળી ક્યાંથી ચમકી ? શું ઝીંકે રાખો છો.''

અલી ડોબી વીજળીનો ચમકારો નહીં. ઘર સુધી મફતમાં પહોંચવા માટેના રસ્તાની મગજમાં લાઇટ થઇ. ભાઇ બોલ્યા.

તેની પત્નીનું ધ્યાન રોટલા, શાક બનાવવામાં હતું તેની તે બોલી ''લાઇટ તો આપણે સવારની નથી.''

ભાઇના લાંબા લગ્ન સંસારના અનુભવથી તેની વાત આગળ ચલાવતા કહેવા લાગ્યો, ''સાહેબ, તમે બાઇક સારું ચાલાવો છો, એકદમ શાંતિથી, સરસ એકધારું, રોદા આવે તોય ખબર પડતી નથી.''

સાહેબે માત્ર એટલું જ કહ્યું, ''આ તો દરરોજની ટેવ છે.''

''બધા સા'બ જરીક જ બોલે અને માંડ-માંડ સંભાળાય એવા અવાજે.'' પત્નીએ ટપકું પૂર્યું.

હા, આ વખતે તું સાચી. સાહેબ તો મને એમ થયું કે લિફ્ટ આપી છે. તો તપાસ કરૂ કે મારાથી કોઇને ફાયદો થયો કે નહીં. આમ વિચારી હું તે ભાઇની પાછળ થોડીવાર પછી ગયો. તે ભાઇ તૂટલા ખાટલામાં સૂતા સૂતા પોતાની પત્નીને વાત કરતા હતા. આજે તો સાંજે કોઇ વાહન જ મળતું ન હતું. તેમાં એક સાહેબે પોતાનું બાઇક ઊભું રાખી મને બેસવાનું કહ્યું. હું તો બેસી ગયો.થોડીવારે મેં પૂછ્યું, ''ક્યાં સુધી જવાના ?'' તો કહે, બાયપાસ ચોકડીએ. મને વિચાર આવ્યો કે આપણું ઘર તો બસ-સ્ટેશનની બાજુમાં. મારું ફૂટેલું નસીબ કે બાયપાસથી બસ-સ્ટેશન સુધીના ભાડા માટે પાકીટ ખાલીખમ.

''તો ભગવાને આ બે થાંભલા જેવા પગ આપ્યા છે ને'' તેની પત્નીએ કડકાઇથી કહ્યું. ભાઇએ આખો દિવસ કરેલા કડિયાકામની મજૂરી યાદ કરતા થોડાક ગુસ્સાથી બોલ્યો, ''તારો ધણી સવારથી સાંજ સુધીમાં લોથ-પોથ થઇ જાય છે. એક ડગલાનીય હામ રહેતી નથી. વળી પાછા પેટમાં ઉંદરો કૂદા-કૂદ કરતા હોય.''

''મગજ વપરાય, રિક્ષા કરી ઘરે આવી ભાડું મારી પાસેથી લઇને આપી ન દેવાય ?''

''અલી મગજ વાપરીને જ ઘરે મફતમાં પહોંચ્યો. સાંભળ તને હકીકત કહું.''

માત્ર મારી વાત સાંભળતા હતા. કારણ કે મારી વાત જ એવી હતી એટલે. મેં તો પછી સાહેબને કીધું, ''તમે શેમાં નોકરી કરો છો ?'' તો કે કે 'શિક્ષક છું.' આ સાંભળી મને હળવાશ થઇ હું તો સા'બનાં વખાણ કરવા લાગ્યો, કે આવતા જતા બધા તમને માથું નમાવે. બધા તમને ઓળખે. એમને એમ ધાપા માર્યા રાખ્યા. ત્યાં સુધીમાં તો બાયપાસ રોડઆવી ગયો. સાહેબ હમણા મને ઉતરવાનું કહેશે તે મારી ચાલીને કે બીજી કોઇ રીતે ઘરે આવવું પડશે. પણ સાહેબે બાઇક બસ-સ્ટેશન તરફ વાળ્યું. મે પૂછ્યુ, તમારે તો બાયપાસ જવાનું ને.

પત્ની બોલી, ''હવે આ બાજુ બાઇક વાળ્યું છે તો પછી આવવા દેવાય ને.''

''તું યે તે સાવ ડફોળ. વિવેક તો કરવો જોઇએ ને.'' ભાઇએ પોતાની વિચાર શક્તિની સફળતા ટપકાવતા આગળ બોલ્યો, ''થોડીવાર ટ્રાફિક હતું બજારમાં તેથી અમે ઘડીક ઊભા રહ્યા, પછી તરત જ મને બસ-સ્ટેશન પાસે ઉતારીયો.''

સા'બને ચા-પાણીનું કેવુ'તું ને.

કીધુ'તું પણ તેઓ તો રવાના થઇ ગયા. ને હું મફતમાં ઘરે પહોંચી ગયો. સાહેબો બહું ભોળા હોય છે.

લ્યો, હવે રીંગણાનું શાકને રોટલો ખઇ લો.

ભાઇ બોલ્યો,''મુળા ?''

''ઇ પડ્યા ત્યાં ખૂણામાં પણ ઝાઝા નો ખાતા નકર પડખું ફરીને સૂવું પડશે.'' પત્નીથી હસતાં હસતાં બોલાઇ ગયું.

ભાઇએ પેલો કોળિયા સાથે મૂળાનું બટકું ભર્યું.

સાહેબે તો એટલે તેમના તૂટેલા જેવા તેવા લોખંડના સળિયાના સાંધાવાળા દરવાજા સામે બાઇક ઊભું રાખી બે વાર હોર્ન માર્યું. સાહેબ તો આ વાત પોતાની અર્ધાંગિનીને જણાવવાની ઉતાવળે ઘરે ગયા. ઘરમાં પ્રવેશતા સાથે જ તેમની પત્નીએ સર્વકાળથી ચાલ્યો આવતો પ્રશ્ન પૂછ્યો, ''કેમ આજે મોડું થયું ?''

સાહેબે કહ્યું, ''તું નિર્ણય કર કે કોણ ફાવી ગયું ?''

પત્ની કહે, ''શેમાં ? વળી શું થયુ ? વાત તો કરો તો ખબર પડે ને !''

સાહેબે બાઇકમાં આપેલી લિફ્ટની વાત શરૂ કરતા કહેવા લાગ્યા, ''આજે મેં રસ્તામાં એક ભાઇને જોયો જોતા આંટીઘૂંટીમાં થાકી ના ગયા હો ! મેં બાઇક ઊભુ રાખી બેસી જવાનું કહ્યું. તેઓ કાંઇ પણ ઓળખાણ આપ્યા વગર બેસી જ ગયા.'' પત્નીએ રસોડા તરફ ચા બનાવવા જતાં કહ્યું, ''આ કંઇ નવી વાત નથી. આવી રીતે તો અવાર નવાર તમે લિફ્ટ આપો જ છો.''

જો તું સાંભળ. તારે નિર્ણય કરવાનો છે કે કોણ ફાવી ગયું ? કોણ છેતરાઇ ગયું ?

''હા બોલ.'' પત્નીએ રસોડામાં ગેસ ચાલુ કરતા બોલી.

સાહેબે આગળનો દોર ચાલુ રાખતા બોલ્યા, ''લિફ્ટ તો હું અવાર નવાર આપું જ છું, પણ આજે મને વિચાર આવ્યો કે શું મે આપેલી લિફ્ટથી કોઇને ફાયદો થયો છે ? એમ વિચારી હું ભાઇને બસ-સ્ટેશન પાસે ઉતારી તેની પાછળ તેને ખબર ન પડે એવી રીતે તેના ઘરની બહાર સંતાઇને ઊભો રહ્યો. ને તેની વાત સાંભળવા લાગ્યો.''

''આવું ન કરાય. આપણે તો લિફ્ટ આપી દેવી બાકી તેને મદદ થાય તો થાય.'' પત્ની વચ્ચે બોલી.

સાહેબે કહેવાનું ચાલુ રાખ્યું, ''તે ભાઇ તેમની પત્નીને સમજાવતા હતા કે તેમને મને કેવી રીતે મારા વખાણ કરી મને બાયપાસ રોડની જગ્યાએ બસ-સ્ટેશન તરફ જવા છેતર્યો. હવે તું જ કહે કે આમાં કોણ ફાવી ગયું. મારી મદદ કરવાની ભાવના કે પછી તે ભાઇની મને છેતરવાની.''

પત્નીએ સાહેબના છેતરાયાના પ્રસંગો ગણાવતા કહેવા લાગ્યા, ''જુઓ તમે શાક લેવા જાવ ત્યારે કોઇને ભાવ પૂછતાં નથી. કોઇપણ દૂકાને પણ ભાવ પૂછતાં નથી. જે કહે તે રૂપિયા આપીને વસ્તુ લઇ લેવી. તો પછી આમા નિર્ણય શું કરવાનો ?''

સાહેબે કહ્યું, ''તે તો હું જાણી જોઇને જ નથી પૂછતો તેમની પરીક્ષા કરૂ છું કે તેઓ મને ક્યાં સુધી છેતરી શકે ? પણ આ ભાઇ તો એની પત્ની સામે ખૂબ જ ગર્વની વાત કરી. એ મેં સાંભળી. હવે તું નિર્ણય કર.''

પન્તી ચા ના કપ સાથે લઇને સાહેબની બાજુમાં બેસી એક જ વાક્યમાં નિર્ણય સંભળાવ્યો, ''તમે છેતરાયા ને તે ભાઇ ફાવી ગયા.''

સાહેબે કહ્યું, ''હું તો છેતરાયો જ છું તને લાવી ને.''

''ને હું પણ'' પત્ની.

અમે બન્ને ખડખડાટ હસવાં લાગ્યાં. પણ કોઇને ઘરે પહોંચાડવાની રોજીંદી લિફ્ટ આપવાનો આનંદ હતો.

**– ચંદુભાઇ એમ. સદાદિયા**
**શ્રી કોંઢેશ્વર કેમ્પ પ્રા. શાળા**
**તા. ધ્રાંગધ્રા.**

********

# કર્મનું ફળ

ધરમપુર નામે એક નગર હતું. આ નગરમાં એક ધરમચંદ નામે શેઠ રહેતા હતા. શેઠ ખુબ જ સમજુ અને પ્રામાણિક હતા. ધર્મશાસ્ત્રોનો પણ તેમણે ખુબ જ અભ્યાસ કર્યો હતો. પરંતુ શેઠનો પોતાનો એક દિકરો એટલો બધો ક્રુર સ્વભાવનો હતો કે તેને છૂટો રાખી શકાતો નહિ. જો તેને છૂટો રાખવામાં આવે તો શેઠને મારી નાખવાની ધમકી આપે અને શેઠનું ગળુ જ દબાવી દે. માટે શેઠ તેને બાંધીને જ રાખતા. પરંતુ શેઠ ધર્મશાસ્ત્રના જાણકાર એટલે આ બધું સમતાભાવે સહન કરતાં.

ગામલોકો પણ અંદરો અંદર ચર્ચા કરતાં કે શેઠ આટલા સમજુ અને જ્ઞાની હોવા છતાં શેઠને ત્યાં આવો દીકરો કેમ જન્મ્યો હશે ? અંને આવો ક્રુર સ્વભાવનો દીકરો હોવા છતાં શેઠ તેને સમતાભાવેથી શા માટે રાખતા હશે ?

એક દિવસ શેઠના ખાસ મિત્ર મોહનલાલ ઘણા વર્ષો બાદ શેઠને મળવા માટે આવે છે. દીકરાને બાંધેલો જોઇ મોહનલાલ તેને છુટો કરે છે. છુટો કરતાની સાથે જ દીકરો શેઠને કહેવા લાગ્યો કે, ''આજ તો તને મૂકીશ જ નહીં'' આ સાંભળી મોહનલાલે ફરીથી તેને બાંધી દીધો.પરંતુ મોહનલાલથી આ સહેવાયું નહિ. તેમને થયું કે મારા મિત્રનાં ઘરે આવો દીકરો હોય તે મને ન પોષાય.

મોહનલાલ વિચારે છે કે મારા મિત્રને આ સમસ્યામાંથી મુક્ત કરવા માટે કોઇ સંત મહાત્માને મળું. એમ વિચારી એ નગરમાં બિરાજમાન સંતને મળવા જાય છે અને બધી વાત કરે છે. તેમની વાત સાંભળી સંત કહ્યું કે, ''તે બન્નેને મારી પાસે લઈ આવો.''

મોહનલાલ બધી વાત શેઠને કરે છે. શેઠ તો ધર્મમાં માનતા હતા, એટલે સંત પાસે જવા તૈયાર થઇ ગયા અને દીકરાને લઇને સંત મહાત્મા પાસે જાય છે.

સંત મહાત્માએ ત્રણેયને આવકાર્યા. ત્યારબાદ સંતે કહ્યું કે, ''સૌ પ્રથમ તો આ દીકરાને બંધન મુક્ત કરી દો.'' પણ મોહનલાલે કહ્યું કે, ''જો તેને મુક્ત કરીશું તો તે શેઠનું ગળું દબાવી દેશે.'' સંતે કહ્યું, ''તેની ચિંતા તમે ન કરો.'' શેઠે દીકરાને બંધન મુક્ત કર્યો. ત્યારબાદ સંતે શેઠને કહ્યું કે, ''પાંચ મિનિટ સુધી આંખો બંધ કરીને ધ્યાન ધરો.''

શેઠે ધ્યાન ધરતા ધરતા ખુબ જ ભયાનક દ્રશ્ય જોયું અને ગભરાઇ ગયા. ત્યારબાદ સંત મહાત્માએ પૂછ્યુ કે તમે કોઇ એવું દ્રશ્ય જોયું કે જેમાં તમે કોઇક વ્યક્તિનું ખૂન કરતા હોય ? શેઠે તરત જ હા પાડી.

સંતે કહ્યું કે ''પૂર્વભવમાં તમે આ દીકરાનું ખૂન કરેલું એટલે તેનો બદલો લેવા તમારે ત્યાં આ દીકરો જન્મ્યો છે અને કર્મનું ફળ તો દરેક વ્યક્તિએ ભોગવવું જ પડે છે. તો બોલો

હવે તમારે આ જ જન્મમાં આ કર્મ ભોગવી લેવું છે કે પછી આવતા ભવમાં પણ ભોગવવાનું બાકી રાખવું છે ?''


શેઠે તરત જ કહ્યું કે,''તો તો મારે આ જન્મમાં જ મારા બધા કર્મોનો હિસાબ પતાવી દેવો છે. દીકરાને પણ હવે બંધનમાંથી મુક્ત જ કરી દઈશ. પછી ભલે એણે મને જે કરવું હોય તે કરે.''

આ સાંભળી દીકરાને પણ પશ્ચાતાપ થયો અને સંતને કહ્યું કે, ''હે મહાત્મા ! તમે મારો જન્મ સુધારને મારા પર ઘણો ઉપકાર કર્યો છે !'' સંતે દીકરાને કહ્યું કે,''હવે તું કાયમ માટે બંધનમુક્ત છે અને હવે ડાહ્યો થઇ જાજે.''

**વાર્તાનો બોધ :** આપણે જે કાંઇ કાર્યો કરીએ છીએ તે ખુબ જ વિચારીને કરવા કારણ કે કર્મનું ફળ તો દરેક વ્યક્તિએ ભોગવવું જ પડે છે, પછી તે સારું હોય કે ખરાબ પણ તેને ભોગવ્યા વગર છુટકો જ નથી. જ્યારે પાપકર્મો ઉદયમાં આવે ત્યારે તેને સમતાભાવે સહન કરવા અને આ પરિસ્થિતિમાં જો ધર્મનો સહારો લેવામાં આવે તો અવશ્ય આપણે મુશ્કેલીમાંથી બહાર નીકળી શકીએ છીએ.

**– દિક્ષીતભાઇ એમ. ગાંધી**
**પે સેન્ટર શાળા નં. ૧, સાયલા**
**તા. સાયલા.**

********



## લોકશાહીની તાકાત

એક રાજ્ય હતું. તેમાં દુર્જનસિંહ નામનો રાજા શાસન કરતો હતો. તેના નામ પ્રમાણે ગુણ... તેના દ્વારા લેવાતા નિર્ણયો આખરી માનવામાં આવતા. આ નિર્ણયો લોકો માટે નહિ પણ પોતાના ભલા માટે લેતા. લોકોની સુખાકારી, સુવિધા કે વ્યવસ્થાને બદલે પોતાની સુખાકારી, સુવિધા કે વ્યવસ્થાને જ મહત્વ આપતા. રાજ્યમાં પ્રજા આ પ્રકારની રાજાશાહી શાસનથી દુઃખી હતી. લોકો ત્રાહીમામ હતા. તેમનામાં અસંતોષ હતો છતા રાજાને કંઇપણ અસર થતી ન હતી. તે તો પોતાના મોજશોખમાં મગ્ન રહેતા. તેના અત્યાચાર લોકો પર દિનપ્રતિદિન વધતા ગયા.

રાજ્યની આ સ્થિતિ જોઇ મોહન અને શાંતા દુઃખી થયા. તે બન્ને ભાઇ-બહેન હતા. તેનું કુટુંબ પણ રાજા અત્યાચારથી બાકાત ન હતું. હવે મોહન અને શાંતા બેચેન હતા.

મોહન : બહેન રાજ્યને રાજાનાં અત્યાચારથી બચાવવા માટે કંઇક કરવું પડશે.

શાંતા : હા, ભાઇ. લોકો તો ડરી ગયા છે. કોઇ રાજા સામે બોલતું પણ નથી. આપણે લોકોને જાગૃત કરવા પડશે, તેમનામાં ડર દૂર કરવો પડશે. તેમનામાં આત્મવિશ્વાસ જગાડવો પડશે.

મોહન : હા, બહેન. અસત્ય સામે સત્યને વિજય અપાવવો પડશે. ધર્મના પ્રકાશ વડે અધર્મના અંધકારને દૂર કરવો પડશે.

શાંતા : મને લાગે છે કે આ ત્યારે જ શક્ય બનશે, જ્યારે રાજા બદલાય. રાજ્યની જવાબદારી પ્રજાવત્સલ વ્યક્તિનાં હાથમાં આવે તો જ રાજ્યની સ્થિતિ સુધરે.

મોહન : હા, બહેન. તારી વાત સાચી છે. આ કામ આપણે કરવાનું છે. આમાં તારા સહકારની મને જરૂર છે. હું રાજ્યમાં ભાઇઓને જાગૃત કરું અને તમે આ જ કામ બહેનોમાં કરો. રાજાને દૂર કરવા આપણે એક આંદોલન કરીએ.

શાંતા : હા, ભાઇ. આ કામમાં તમારી સાથે છું.

આમ, મોહન અને શાંતાએ નક્કી થયા મુજબ લોકોને જાગૃત કરવાનું શરું કર્યું. તે બન્નેના અથાક પ્રયત્નોને લીધે લોકોમાં જાગૃત્તિ આવવા લાગી. લોકોએ મોહન અને શાંતાનાં નેતૃત્વ હેઠળ અહિંસક આંદોલન શરૂ કર્યું. શરૂઆતમાં રાજા પર આની કંઇ અસર થઇ નહિ, પરંતુ લોકોના જુસ્સાને જોતા રાજા પણ અચંબામાં પડી ગયા. કોઇ રાજાને સાથ આપતું ન હતું. તેના કાર્યો કરતા રાજ્યના કર્મચારી પણ હવે મોહન અને શાંતાના નેતૃત્વમાં રાજાનાં કાર્ય છોડી દીધા. આમ, દિન-પ્રતિદિન આંદોલનમાં લોકો વધુને વધુ જોડાતા ગયા.

રાજા આ જોઇ ડરી ગયા અને તેને થયું કે આમ ને આમ ચાલ્યુ તો હું રાજા તરીકે શાસન કરી શકીશ નહિ. તેણે પોતાના પ્રધાનને કહી મોહન અને શાંતાને બોલાવ્યો તેમની સાથે વાત

કરી.

રાજા : મતે આંદોલન બંધ કરો. હવેથી હું પ્રજાહિતનાં કાર્યો કરીશ.

મોહન અને શાંતા : અમે તમારું શાસન જોયું. હવે અમને તમારા પર લેશમાત્ર વિશ્વાસ નથી. આ આંદોલન ત્યારે જ બંધ થશે જ્યારે રાજા બદલાશે.

રાજા : (ગુસ્સાથી) હું મારું પદ છોડીશ નહિ.

શાંતા : તમારે આ પદ છોડવું જ ન હોય તો લોકોનો વિશ્વાસ જીતવો પડશે. જો તમે લોકોનો વિશ્વાસ જતી લો તો તમે રાજા તરીકે રહી શકશો.

મોહન : તેના માટે ચૂંટણીમાં જીતવું પડશે.

રાજા : (વિચારીને) મને મંજૂર છે.

આંદોલન બંધ થયું. રાજા અને મોહન-શાંતા વચ્ચે નક્કી થયા મુજબ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું. લોકોએ રાજા સામે ચૂટણીમાં શાંતાને સર્વસંમતિથી ઉમેદવાર તરીકે પસંદ કરી. આ બાજુ રાજા પ્રજાવત્સલ રાજા બનવાનો ઢોંગ કરવા લાગ્યા. લોકો વચ્ચે જઇ સારા કાર્યો કરવાના સપના દેખાડ્યા. ચૂંટણીનો દિવસ આવ્યો. લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યું. અંતે પરિણામ આવ્યું તેમાં રાજાની કારમી હાર થઇ અને શાંતાનો ભવ્ય વિજય થયો.

શાંતાએ એક સભા ભરી અને તેમાં કહ્યું કે, ''આ આપણો સૌનો વિજય છે. હું ફક્ત રાજા નથી. આપણે સૌએ હળીમળીને રાજ્યને ચલાવવાનું છે. રાજ્યનાં કોઇપણ નિર્ણયમાં તમને સહભાગી બનાવવામાં આવશે. મારું આ શાસન લોકોથી, લોકો વડે અને લોકો માટે ચાલશે. હું કાયમ માટે તમારી શાસક નથી. પણ નિયત સમય માટે જ. ફરીવાર નિયત સમયે ચૂંટણી થશે અને હું તમારી આશાઓમાં ખરી ઉતરું તો જ મને વિજેતા બનાવજો, નહિતર બીજા ઉમેદવારને.'' આ રીતે શાંતા કામ કરવા લાગ્યા તેઓ રાજ્યનાં કોઇપણ નિર્ણયમાં પ્રજાઓની ઇચ્છાઓને માન આપી, તેમનો મત લઇ કામ કરવા લાગ્યા. પ્રજાહિતનાં કાર્યો કર્યા. તેણે એક મંત્રીમંડળની રચના કરી અને તેમાં દરેકને રાજ્યની જુદી-જુદી જવાબદારી સોંપવામાં આવી. મોહને પણ રાજ્યનાં મંત્રીમંડળમાં રહી સારી જવાબદારી નિભાવી. લોકો તેમના અધિકાર મળવા લાગ્યા. રાજ્યમાં સુખ-સમૃદ્ધિ-શાંતિમાં વધારો થયો. 'લોકોથી લોકો વડે અને લોકો માટે શાસન'ને શાંતાએ પોતાનો મંત્ર બનાવ્યો અને પાળી પણ બતાવ્યો.

**- દિનેશભાઇ જી. વાઘેલા**
**પે સેન્ટર શાળા નં. ૧, સાયલા**

********

## લાઘવિકા - જય હિન્દ

આજે ૧૫ મી ઓગષ્ટ છે. દીપક મનોમન ભગવાનને એ પ્રાર્થના કરે છે, ''હે, ભગવાન આજે મારા બધા ઝંડા વેચાઇ જાય એવું કરજો. તો સાતમ આઠમમાં નવા કપડાં મળી જાય.'' દીપકની બાએ બે દિવસ અગાઉ કીધેલું કે ''તું ધંધામાં ધ્યાન આપતો જા. આ વખતે ૨૦૦ ઝંડા વેચી નાખજે એટલે નવા કપડા લઇ આપીશ.'' ૫૦ ઝંડા તો ૩ દિવસમાં વેચ્યા હતા. આજે ૧૫મી ઓગષ્ટ હતી એટલે સવારથી લોકો ઝંડા લેતા હતા. ૯ વાગ્યા સુધીમાં બીજા ૩૦ જેવા વેચાઇ ગયા હતા. આજની ઘરાકી જોતા એવું લાગતું હતું કે બધા વેચાઇ જશે. એક મોટર આવીને ઉભી રહી. વ્યક્તિએ પૂછ્યું કે ''ઝંડાનો શું ભાવ છે ?'' ૧૦ નો એક. ૨૦ ના ૩ દેવા છે ? ૨ આપુ. મારે ઝંડાની જરૂર નથી, પણ તું ગરીબ છો એટલે થયું લાવ ખરીદી કરું પણ... ગરીબોને... (મોટરમાં બેઠેલી નાની બાળકી આ દલીલોથી અકળાતી હતી.) દીપકની નજર તેના ઉપર પડી. ''શેઠ, લો લેતા જાવ. ૨૦ ના ૨ જ છે, પણ આ તમારી દીકરીને મારા તરફથી ફ્રી.'' વ્યક્તિએ અલગ નજરથી દીપકને જોયો. મોટર ઝડપથી ભગાડી મૂકી. ત્યાં જ સામેથી એક રેલી આવતી જોઈ. દીપક ખુશ થઈ ગયો. ''હવે બધા તિરંગા વેચાઇ જશે.'' સાહેબ ઉતાવળથી આગળ આવી બોલ્યા- ''ભાવ શું છે ?'' ૧૦ નો એક . સારું ૨૦ આપી દે. સાહેબ આગળના બાળકોને તિરંગા આપતા હતા. બધા બાળકો ''સાહેબ મને આપો...! સાહેબ મને આપો...! એમ કહેતા હતા.'' સાહેબે ફોટા પાડી લીધા. બાળકો નારા બોલાવતા હતા. ''આઝાદી - અમર રહો.'' ''વંદે માતરમ્...ભારત માતા કી જય...'' પાછળના બાળકોનો નારા બોલવાનો અવાજ ધીમો હતો. તેમને તિરંગો ન મળતા ઉદાસ હતા. જેને તિરંગો મળ્યો એ બધા ખુશ હતા. એ જોર જોરથી નારા બોલતા હતા. આ જોઇ દીપકને પોતાની શાળાના દિવસો યાદ આવી ગયા. તે તિરંગો લઇ શાળાએ જતો ત્યારે તેનો વટ પડતો હતો. બધા તેનો તિરંગો લઈ નારો બોલાવવા માટે તેને વિનંતી કરતા હતા. દીપકે બધા બાળકોને તિરંગા વહેંચી દીધા. થોડી વારમાં પાછળથી નારાનો વધુ અવાજ આવતો જોઇ સાહેબે પાછળ જોયું. તો બધાના હાથમાં તિરંગા હતા. દીપક પણ પોતાના હાથનો ઝંડો ઉંચો કરી બોલ્યો- ''ભારત માતા કી... જય...'' આ અવાજનો જોશ કઈંક અલગ હતો. દીપકે માતાને રૂપિયા આપ્યા. કોઇ નફો નથી થયો. એ જોઇ પ્રશ્નાર્થ ભરી નજરે માતાએ દીપક સામે જોયું દીપક મૌન હતો. માતા, ''હવે તારા કપડાં...'' દાદી બોલ્યા, ''એના નવા કપડાં આવી ગયા છે.'' બંને હે...! હા. આઝાદીના દિવસે એક મોટર આવી હતી. તેમણે આ કપડાં આપ્યા છે. સાથે દફતર અને ચોપડા પણ છે. દીપક બોલ્યો, ''જય હિન્દ.'' માતા પણ ઉંચે જોઇને જોશથી બોલી, ''જય હિન્દ.''

**- મુકેશભાઇ એસ. બદ્રેશિયા**
**આચાર્ય,**
**શ્રી પે સે. શાળા નં. ૧૬,**
**સુરેન્દ્રનગર**

‘કાવ્યાયન-૭’ વાર્તાશિક્ષણ કાર્યશિબિર વિશેષાંક
શ્રી નવા સૂરજદેવળ મંદિર, દેવસર (ચોટીલા) તારીખ : ૦૯-૧૦-૧૧, જાન્યુઆરી, ૨૦૨૫
















''रागी बागी पागी पारखी और न्याव ।
इन पंचनको गुरु है पर उपजत अंगस्वभाव ।।''

વાર્તાકારનો ભાવ એ હતો કે ગાયન, બાગાયત, ઘોડઉછેર, રત્નની પારખ અને ન્યાય એ પાંચ ધંધામાં ગુરુ પાસેથી કંઇક શીખી તો શકાય છે, પણ આખરે તો માણસની અંદર જ એવું કંઇક હોય છે જે અપાય પણ નહિ અને લેવાય પણ નહિ. બિચારા વાર્તાકારને આમ બોલતી વખતે ખ્યાલ સરખો પણ નહિ આવ્યો હોય કે સરસ્વતીનું વરદાન ગણાતા એના વાર્તાકથનના ધંધાનું પણ એક કાઠિયાવાડી અધ્યાપક શાસ્ત્ર બનાવી દેવાના હશે !

શિક્ષકની કળા સાચું જોતાં 'उपजत अंगस्वभाव' છે ખરી, છતાં તેના એક એક અંગનું કરતાં આખી શિક્ષણકળાનું શાસ્ત્ર થઇ ગયું છે. સ્વચ્છંદ-વિહારિણી વાર્તા એક વિચિત્ર મુહૂર્તે કેળવણીની મદદમાં ગઇ એટલે શિક્ષકના હાથમાં સપડાઇ અને તેનું પણ શાસ્ત્ર બની ગયું.

આ 'વાર્તાનું શાસ્ત્ર' એકલા શિક્ષકોને જ ઉપયોગી નથી. ગ્રંથકારો, સાહિત્યાચાર્યો, ભાટચારણો, હરિદાસપુરાણીઓ અને નાટકકારો સૌને હવે પછી આ 'વાર્તાનું શાસ્ત્ર' વાંચ્યા વગર છૂટકો નથી. વાર્તાકથનપટુ માણભટો અને બારોટો, શિક્ષકો અને ઉપદેશકો, મુસાફરો અને બધા જ એમાં પોતાની ખૂબીઓ સ્પષ્ટ શબ્દોમાં, સૌ સમજી શકે એવા રૂપમાં વર્ણવેલી જોઇ રહસ્યસ્ફોટ (Trade-secret) ઉઘાડું પાડ્યા માટે શાસ્ત્રકાર પર ચિડાશે. પણ સાથે સાથે નવી નવી કીમતી સૂચનાઓ આપવા માટે મનમાં તેમનો પાડ પણ માનશે.

**– દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**